Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. આત્મ સં. ૫૪ સંવત ૨૦૦૬.

અંક ૪ થો. તા. ૧-૧૨-૪૯ માર્ગશિર્ષ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ... ...( મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ ) ૭૩

૨ તત્ત્વાવબોધ ... ... ... ... ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મ. ) ૭૪

૩ પુરૂષાર્થ ... ... ... ... ... ( મુનિરાજશ્રી જિજ્ઞાસુ ) ૭૮

૪ આધ્યાત્મિક સમીકરણ ... ... ... ... ( અનુ. અભ્યાસી બી. એ. ) ૮૦

૫ શ્રી શ્રીપાળ ચરિત્ર ... ...( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. ) ૮૨

૬ વીશમા શ્રી અજીતવીર્ય જિન સ્તવન ... ( ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ ) ૮૫

૭ ચારૂશીલા રમણીરત્નો ... ... ... ...( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૮૯

૮ સભાના સાહિત્ય પ્રકાશન માટે ઉચ્ચ અભિપ્રાયો ... ... ... ( સભા ) ૯૩

૯ સાહિત્યશિરોમણિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનો નવીન સાહિત્યરત્નો મેળવવા કરેલ મંગળમય વિહાર-પ્રયાણ


## આવકારદાયક સમાચાર

આ સભા તરફથી ગતિમાન થયેલ ( અનેકાન્તવાદ વિષય લખવા માટેની ) ઇનામી નિબંધની યોજના અને એ રીતે દર વર્ષે જૈન સસ્તું સાહિત્ય પ્રકાશનના શરૂ કરેલ કાર્યો માટે જૈન મુનિ મહારાજાઓ, જૈન અને જૈનેતર વિદ્વાનો તરફથી આવકારદાયક-પ્રશંસાના તેમજ સહકારના પત્રો મળ્યે જાય છે. આ જૈન ધર્મનો મહાન અખંડ-સિદ્ધાંત ( અનેકાન્તવાદ ધર્મ ) ઉપર નિબંધ લખવા તેમજ તે સંબંધી સલાહ, સુચના વગેરે આપવા વિદ્વાનો-વિચારકો, અભ્યાસીઓ વગેરે મહાશયોને વિનંતિ કરી હતી અને જેઓ સાહેબોને નિબંધ લખવા આમંત્રણ આપ્યા છે તેમાંથી કેટલાક નિબંધો આવી ગયા છે, જેથી જેઓ સાહેબો તે નિબંધો તૈયાર કરતા હોય તેમણે પંદર દિવસની અંદર મોકલી આપવા નમ્ર સુચના છે.

જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન કમિટી.
( શ્રી જૈન આત્માનંદ સભા. )

## ॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

( સંગ્રાહક અને સંપાદક **શ્રી જિનવિજયજી** સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર. )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સારભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા. તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂ. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| વીર સં. ૨૪૭૬. | માર્ગશિર્ષ | પુસ્તક ૪૭ મું. |
|---|---|---|
| વિક્રમ સં. ૨૦૦૬. | :: તા. ૧ લી ડીસેમ્બર ૧૯૪૯ :: | અંક ૪ થો. |

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન

લેખક:—મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ

( ચાલ—જાઅ તુમહી ચલે પરદેશ...... )

એક અરજી સુણો પ્રભુજી આજ, સીઝે સબ કાજ;
હો નાથ હમારા, શ્રી પાર્શ્વપ્રભુ અવધારા. ૧

તુમ દરિસણુકો મૈં આયા હૂં, મૂરતિ દેખ લલચાયા હૂં;
અબ સફલ હુઆ જન્મારા, હો નાથ હમારા. ૨

તુમ જાકર બેઠે શિવપુરમેં, પણ આય બસે હો હમ ઉરમેં;
સેવકકા કરો ઉદ્ધારા, હો નાથ હમારા. ૩

તુમ સેવા મેં લય લાગી હૈ, અંતરમેં ઊર્મિ જાગી હૈ;
કરુણાસે કરો નિહારા, હો નાથ હમારા. ૪

આનંદકી લહરી છાઇ હૈ, ભક્તિકી ધૂન મચાઇ હૈ;
હે કૃપાતણા ભંડારા, હો નાથ હમારા. ૫

તુમ ચરણે શરણે આયા હૂં, ભક્તિકી ભેટ મૈં લાયા હૂં;
જંબૂકો પાર ઉતારા, હો નાથ હમારા. ૬
શ્રી પાર્શ્વપ્રભુ અવધારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ.

લેખકઃ—આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૫૮ થી શરૂ )

લાભ, અલાભ, સુખ, દુઃખ, પુન્ય, પાપ, નિર્જરા આદિના જમા ઉધાર સાથે આ વર્ષ પૂરું થાય છે. અને સાથે સાથે ચોમાસું પણ પૂરું થાય છે. કાળના પ્રવાહથી માનવ જીવન પણ ઘસાઈને પાતળું પડતું જાય છે. આખાયે સંસારમાં નવું જૂનું થાય છે અને જીવની પણ સંસારભ્રમણની અથડામણ ઓછી થાય છે. આત્માએ કાળના પ્રવાહથી જ અનેક શરીર બદલ્યાં અને સંસારના બધાય પુદ્ગલ પરમાણુંઓ તથા બધાય સ્કંધોની સાથે વારંવાર અનંતી વખત સંબંધ કર્યો છે, તેવી જ રીતે ભિન્ન ભિન્ન પુદ્ગલ સ્કંધોથી ભિન્ન ભિન્ન આકૃતિયોવાળાં શરીર ધારણ કરીને સંસારના સઘળાય જીવોની સાથે પણ અનંત પ્રકારે અનંતી વખત સંબંધ કર્યો છે. ભવસ્થિતિ પાકી જવાથી જ્યારે જીવની સાથે સંયોગ-સંબંધથી રહેનારાં બધાંયે શરીર ઘસાઈને ખરી પડશે ત્યારે કાળનો પ્રવાહ જીવને ઘસડી શકશે નહિ અર્થાત્ અનંતા કાળથી જીવ કાળના પ્રવાહમાં તણાતો આવ્યો છે તે પછી તણાશે નહિ અને સ્થિર થઈ જશે જેથી કરી પુદ્ગળના કાર્યરૂપ અનેક પ્રકારની દેહઆકૃતિઓથી મુકાઈ જશે એટલે પછી જીવોની સાથેના સર્વ પ્રકારના સંબંધોથી છૂટી જઈને મુક્તિ મેળવશે. લોઢાના ગોળાઓને પાણીનો પ્રવાહ ઘસડી શકે નહિ પણ તે ગોળાઓને જો વહાણમાં ભરવામાં આવ્યા હોય તો તે ગોળાઓ લાકડાનો સંબંધ થવાથી પાણીના પ્રવાહમાં તણાશે અને જ્યારે વહાણ ભાંગી જવાથી ગોળાઓ લાકડાના સંબંધથી છૂટા થશે ત્યારે તરતજ સ્થિર થઈ જશે અને તેને પાણીનો પ્રવાહ કાંઈ પણ કરી શકશે નહિ, તેવી જ રીતે જીવનો સ્વભાવ કાળના પ્રવાહમાં તણાવાનો નથી. પણ કર્મના સંબંધને અંગે કાળના પ્રવાહમાં તણાય છે તે જ્યારે કર્મથી છૂટો થઈ જશે ત્યારે કાળનો પ્રવાહ તે જીવને તાણી શકશે નહિ અને નિરંતરને માટે સ્થિર થઈ જશે. પછી તે મુક્તાત્મા કહેવાશે કર્મોના સંબંધોને લઈને જીવ અનાદિ કાળથી કાળના પ્રવાહમાં તણાતો આવ્યો છે છતાં તેના અસંખ્ય પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ ઘસાઈને છૂટો પડ્યો નથી તેમજ પ્રત્યેક પ્રદેશમાં રહેલા અનંતા જ્ઞાનનો એક અંશ પણ ઝાંખો પડ્યો નથી, પણ જીવ ઉપર વિંટળાયલાં કર્મો ઘણી વખત ઘસાઈને વિખરાઈ જાય છે અને નવા પુદ્ગલ પરમાણુઓના ભળવાથી વધી પણ જાય છે. કર્મો પણ અનંતાનંત પુદ્ગલ પરમાણુંઓના સ્કંધો છે.

આત્માઓના પરસ્પર સંબંધ બે પ્રકારે થાય છે. એક તો નિષ્કર્મા–શુદ્ધાત્મા–સિદ્ધોનો સાદિ અનંત સંબંધ અને બીજો કાળના પ્રવાહમાં તણાતા અશુદ્ધ–સકર્મક આત્માઓનો અનેક પ્રકારના શરીરોદ્વારા થવાવાળો સાદિસાંત સંબંધ. આ બે પ્રકારના સંબંધોમાંથી અશરીરિ શુદ્ધાત્માઓનો સંબંધ સાચો અને શુદ્ધ હોય છે ત્યારે કાળના પ્રવાહમાં તણાતા દેહધારીઓના સંબંધ દેહની મુખ્યતાને લઈને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષથી થવાવાળા હોવાથી ખોટા અને અશુદ્ધ હોય છે. જો કે પ્રશસ્ત રાગ ગૌતમસ્વામીની જેમ આત્મશ્રેય કરવામાં ઉપયોગી સાધનભૂત થઈ શકે છે તો પણ દેહદ્વારા થયેલો હોવાથી સંપૂર્ણ વિકાસ–કેવળજ્ઞાન મેળવવામાં બાધકર્તા થઈ પડે છે. જે ગૌતમસ્વામીનો પ્રભુ ઉપર રાગ હતો તે સાચો પ્રશસ્ત તદ્દન વિશુદ્ધ હતો, કારણ કે પ્રભુશ્રી સંપૂર્ણ વિકાશી–શુદ્ધ આત્મા–વીતરાગી પરમ ઉચ્ચ પુરુષ હતા અને ગૌતમસ્વામી ક્ષીણપ્રાય–કષાયી–અપ્રમત્ત ગુણસ્થાનના સ્વામી એટલે તેમનો રાગ તદ્દન શુદ્ધ આત્માને મુખ્ય રાખીને અને દેહને ગૌણ કરીને હતો એટલે પ્રભુના આત્મામાં તન્મયતા હોવાથી આત્માનો વિકાશ સાધવામાં ઉપયોગી નિવડ્યો હતો. પ્રભુશ્રી મહાવીર અને ગૌતમ પરમ પવિત્ર અને ઉચ્ચ આત્માઓ હતા એટલે ગૌતમને રાગ રાખીને પણ વિકાશ સાધવામાં અંશમાત્ર પણ અડચણ આવી નથી પરંતુ નીચી કોટીના કે જેમણે ચોથા ગુણસ્થાન જેટલી પણ અધ્યવસાય શુદ્ધિથી આત્મશુદ્ધિ ન મેળવી હોય એવાઓના રાગમાં શુદ્ધિનો અંશ અત્યંત અલ્પ પ્રમાણમાં પણ હોઇ શકે નહિં માટે તેને જે પ્રશસ્ત કહે છે તે ભૂલે છે, કારણ કે આવા પ્રશસ્ત રાગવાળાઓનો રાગ મોહસ્વરૂપ હોવાથી દ્વેષથી દૂષિત હોય છે. અર્થાત્ જેના ઉપર રાગ હોય છે તેનાથી ઇતર વ્યક્તિઓ ઉપર દ્વેષ, વૈર–વિરોધ હોય છે. ગૌતમસ્વામીને પ્રભુ ઉપર રાગ હતો અને બીજા પ્રાણીઓ ઉપર સમભાવ હતો એટલે જ તેમનો રાગ પ્રશસ્ત, ઉત્તમ હતો. મિથ્યાત્વ ગુણસ્થાનમાં રહેલાઓમાં એવો સમભાવ હોતો નથી. એમના રાગમાં દેહને પ્રધાનતા આપવામાં આવેલી હોય છે. અને મિથ્યા પ્રશંસા આદિ સ્વાર્થરૂપ આશંસા દોષોથી ભરેલી લાગણીઓ અને રાગ હોય છે માટે ભાવીમાં અનેક દેહાકૃતિઓને ધારણ કરવાવાળા કાળના પ્રવાહમાં તણાતા સકર્મક આત્માઓમાં પ્રશસ્ત રાગ નહિ પણ કામ તથા સ્નેહરાગ હોઈ શકે છે અને તે સ્નેહ અંશમાત્ર પણ શુભ હોય તો પુન્ય બાંધી શકે છે પણ નિર્જરાનું કારણ બની શકે નહિ. દેવ, ગુરુ, ધર્મ ઉપરના રાગને સ્નેહરાગ કહી શકાય, તેમાં જો કંઇક અંશે શુદ્ધિ હોય તો તે પ્રશસ્ત કહી શકાય પણ જો પક્ષપાતથી સ્વાર્થગર્ભિત હોય તો કેવળ સ્નેહરાગ જ કહેવાય.

આ પ્રમાણે કાળના પ્રવાહમાં ઘસડાતાં જીવોના અનેક જીવન ઘસાઈને ત્રુટી ગયાં પણ રાગદ્વેષ ઘસાઇને ત્રુટ્યા નહિ. જેથી કરી જીવોને નવાં જીવન મેળવી ફરી ફરી નવા જન્મ ધારણ કરવા પડે છે. જન્મથી લઇને અત્યાર સુધીમાં કાળના પ્રવાહના ઘસારાથી આપણાં જીવન ઘસાઇને પાતળાં પડી ગયાં પણ કષાયવિષય પાતળા પડયા નહિ તે નવું જીવન મેળવી ફરી નવી દેહાકૃતિ મેળવીને સંસારમાં અવતરવાનું સૂચવે છે, તો પણ કષાય વિષય ખોટા છે, આત્મિક ગુણોને ઢાંકવાવાળા છે, વિકાસના બાધક છે, આટલો પણ ઉપયોગ રહેવો અને વિકાસની રુચિ રહેવી તે મિથ્યાત્વની મંદતા સૂચવે છે એટલે વધુ વાર સંસારમાં અવતરવાનું નથી એમ અનુમાન કરી શકાય. કાળના પ્રવાહમાં મધ્યભાગમાંથી કિનારાની નજદિક ગયા હોઇશું એમ પ્રભુના વચનોની સાથે સરખાવી શકાય, માટે કંઇક આત્માની સન્મુખ થયા હોઈશું એમ અટકળ કરીને કાંઇક સંતોષ મનાય ખરો.

વિભાવ પર્યાયરૂપ માનવ દેહ તથા કૃત્રિમ નામને જ આત્મસ્વરૂપ માની તેની પ્રસિદ્ધિ, મોટાઇ, માન, પ્રતિષ્ઠા, ઋદ્ધિ, ગૌરવતા, પૂજા વિગેરેને માટે માયાપ્રપંચ, કાવાદાવા કરવા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરવિરોધ કરવા તરફ અરુચિ થવી તે જ આત્માની ભવસ્થિતિની પરિપાક દશા તથા કાંઇક અંતરાત્મ દશા સૂચવે છે અને ચરમ પુદ્ગલ પરાવર્તનમાંથી પણ ઘણી સ્થિતિ ઓછી થઇને અડધા પુદ્ગલપરાવર્તન રહી હોય એમ અનુમાન થઈ શકે છે. સાચું તો પ્રભુ જાણે.

૧૩

દેહોપયોગી સાધનોની વધારે કાળજી રાખવાની જરૂરત નથી, પણ આત્મોપયોગી સાધનોની જેમ બને તેમ સારાં બનાવી રાખવાની આવશ્યકતા છે. અને તે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આ ત્રણ સાધનો આત્માને કર્મોથી છૂટા પાડે છે અને તેથી આત્મા અનંત જીવન, અનંત સુખ આદિ મેળવીને શાશ્વતું સુખ ભોગવી શકે છે; માટે આ ત્રણે આત્મોપયોગી સાધનો અજ્ઞાન દોષથી મેલાં થયાં હોય તો તેને પ્રભુના વચનોદ્વારા સ્વચ્છ બનાવવાની આવશ્યકતા છે. પ્રભુવચનને સાચી રીતે ઓળખીને તેને વાપરવામાં આવે તો અધ્યવસાયની શુદ્ધિ થાય છે અને તેથી દર્શન, જ્ઞાન તથા ચારિત્રમાંથી મિથ્યાત્વનો કચરો નીકળી જવાથી તે સમ્યગ્ જ્ઞાનપણે પરિણમે છે અને તે પછી કર્મનો કચરો આત્માથી છૂટો પડે છે અને આત્મા શુદ્ધ થાય છે. આ સંપૂર્ણ આત્મશુદ્ધિ મુક્તિ તરીકે ઓળખાવવામાં આવી છે.

રાગદ્વેષ આત્માનો અશુદ્ધ ઉપયોગ છે માટે તે જડસ્વરૂપ નથી પણ ચૈતન્યસ્વરૂપ છે છતાં તે આત્માનો સ્વભાવ નથી પણ પરિણામ છે. શુદ્ધોપયોગ આત્માનો સ્વભાવ છે અને અશુદ્ધ ઉપયોગ વિભાવ છે. આત્મામાં અનાદિ પારિણામિક ભાવ હોવાથી વિભાવ દશામાં પરિણમે છે. તેનું કારણ અનાદિ રાગદ્વેષ છે, માટે આત્માનો પારિણામિક વિભાવ ઉપાધિજન્ય છે. અને તેથી કરીને ઉપાધિસ્વરૂપ રાગદ્વેષથી મુક્ત થયા પછી વિભાવ દશામાંથી મુક્ત થઇ જાય છે, તેથી નર-નારકાદિ વિભાવ પર્યાયોમાં પરિણમતો નથી. ભવસ્થિતિના પરિપાકના પ્રમાણમાં અધ્યવસાયશુદ્ધિ તથા ભાવશુદ્ધિ થાય છે. જેમ ધોયેલાં કપડાં ઉપર ધૂળ પડે તો તે કપડું ઉપરથી જેટલું મેલું દેખાય છે તેટલું અંદરથી હોતું નથી અને કપડું ખંખેરવાથી ધૂળ તરત ખરી પડે છે. તેમ સમ્યગ્ દર્શનની શુદ્ધિથી ધોવાઇને શુદ્ધ થયેલા આત્મા ઉપર ઔદયિક ભાવની પડેલી કર્મરજથી તે મેલો દેખાય છે છતાં અંદરથી મેલો હોતો નથી તેથી પશ્ચાત્તાપથી આત્માને ખંખેરી નાખવાથી આત્મા ઉપર પડેલી કર્મ-રજ ખરી પડે છે. શુદ્ધ આત્મા ઔદયિક ભાવે અશુદ્ધ પ્રવૃત્તિ આદરે છે ત્યારે તેના અંતરમાં અનાસક્તિ હોય છે. એટલે આમોદ, પ્રમોદમાં ઉત્કંઠતા હોતી નથી માત્ર ઇચ્છાની નિવૃતિ જેટલી શાંતિ હોય છે. તીવ્ર ઔદયિક ભાવ સિવાય તો આત્મા ઇચ્છાઓને આધીન પણ થતો નથી. સામાન્ય ઔદયિક ભાવને તો શુદ્ધ પરિણામી આત્મા ઉપેક્ષા જ કરે છે. એટલે તેનાથી આત્મા દબાતો નથી. નિર્બળ ઇચ્છાઓ તો જન્મતાં જ લય પામી જાય છે.

જ્યાંસુધી અક્ષરસ્વરૂપ આત્માને વાંચવાની શક્તિ ન થાય ત્યાંસુધી કાગળ ઉપર લખેલા વર્ણરૂપ અક્ષર ઉકેલવાથી તાત્ત્વિક બોધ થાય નહિ પણ કાલ્પનિક બોધ થાય છે. આ કલ્પનાઓ પોતપોતાના ક્ષયોપશમ અનુસાર થતી હોવાથી તે અનેક ભિન્ન ભિન્ન ઉક્તિઓનું સ્વરૂપ ધારણ કરે છે. અક્ષર-આત્માનું વાંચનમાં ભેદ હોય નહિ કારણ કે ત્યાં કલ્પનાને અવકાશ નથી. તેમજ જ્ઞાનીપણાના મિથ્યાભિમાનને અવકાશ નથી. માત્ર વર્ણ-વિન્યાસરૂપ અક્ષરવાંચનમાં કલ્પનાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચિત્ર વેલડીઓ પથરાયલી હોવાથી તેને જ્ઞાનીપણાના મિથ્યાભિમાનનાં ફળ લાગ્યા સિવાય રહેતાં નથી, માટે સર્વોચ્ચ કોટીના મહાન પુરુષોના જીવનને અનુસરીને તેમની ઉક્તિઓની આત્મામાં ગવેષણા કરવાને માટે નિરંતર પ્રયત્ન કરવાની આવશ્યકતા છે; નહિ તો ભિન્ન દશ પૂર્વો મિથ્યાદૃષ્ટિઓમાં પણ હોય છે.

૧૪

જીવન અને ક્ષેત્ર ફરશના આ બન્નેનો ગાઢ સંબંધ છે એટલે બન્નેનો છેડો એક સાથે આવે છે. જે કાળે જે ક્ષેત્રની ફરશના જ્ઞાનીની દૃષ્ટિમાં નિર્માણ થયેલી છે તે જ કાળે તે ક્ષેત્રની ફરશના અવશ્ય થાય જ છે. તેમાં અલ્પજ્ઞ જીવોનું ધારેલું—નક્કી કરી રાખેલું કામ આવતું નથી. જ્યારે દેહધારી ધારણ કરેલા દેહથી નિર્માણ થયેલી ફરશના પૂરી કરે છે ત્યારે જીવને તે દેહનો અવશ્ય ત્યાગ કરવો પડે છે. કર્મજન્ય સુખ, દુઃખ, આધિ, વ્યાધિ આદિ અનેક વિક્રિયાઓ પણ નિર્માણ થયેલા ક્ષેત્રમાં જીવ અનુભવે છે.

સુખ, જીવ માત્રને જોઇએ છે પણ તે બનાવટી સાચું સુખ કોઇને પણ ગમતું નથી, કારણ કે અજ્ઞાની જીવો સાચા સુખને દુઃખ માને છે. સાચું સુખ એટલે કર્મનો ત્યાગ—કર્મનો સર્વથા ત્યાગ તે મુક્તિ અને મુક્તિ એટલે શાશ્વતું પરમ સુખ. જડાત્મક વસ્તુઓનો સમજણપૂર્વક ઇચ્છાઓથી ત્યાગ તે કર્મ ત્યાગવાનું કારણ છે. પણ અણસમજુનો અન્ય ઇચ્છાઓને આધીન થઇને ત્યાગ તે બાહ્ય ત્યાગ અને તેથી કર્મનો ત્યાગ થાય નહિ. એટલે સાચું સુખ મળે નહિ. પણ અજ્ઞાની જનતાએ માનેલું સુખ મળી શકે છે કે જે અનેક દુઃખોની પરંપરાનું કારણ બને છે અર્થાત્ તેવા સુખથી જન્મમરણની પરંપરા ચાલુ રહે છે. જ્યાં ઇચ્છાઓની પરંપરા છે ત્યાં ધર્મ નથી, કારણ કે ઇચ્છા માત્ર કર્મનો વિકાર છે તેથી તે વિકાર સમ્યગ્ જ્ઞાન, દર્શન ચારિત્ર આદિ ધર્મનો બાધક છે પણ સાધક નથી માટે જ કેવળ બાહ્ય ત્યાગ તાત્ત્વિક ત્યાગ નથી.

પોતાને ઓળખ્યા સિવાય રાગ દ્વેષ સાચી રીતે ઓળખી શકાય નહિ. અને રાગ દ્વેષને ઓળખ્યા સિવાય આત્મ ધર્મ ઓળખાય નહિ, તો પછી સાચી રીતે સત્ય ધર્મની ઉપાસના કેવી રીતે થઇ શકે? વીતરાગના માર્ગમાં આત્મ ધર્મ અને અનાત્મ—જડ ધર્મની જ વિવક્ષા કરી છે, માટે જો આત્મા અનાત્મ ધર્મનો આદર કરે તો તેના માટે તે અધર્મ કહેવાય માટે આત્માએ પોતાના ધર્મનો જ આદર કરવો જોઇએ. તેના માટે અનાત્મ ધર્મ ભય ઉત્પન્ન કરવાવાળો છે. તેમ જ સર્વથા નિરુપયોગી હોવાથી સ્વધર્મનો ઘાતક છે. જે આત્મ ધર્મને સાચી રીતે ઓળખી શકે છે તે જ આત્માને સાચી રીતે ઓળખી શકે છે અને સાચો ધર્મી પણ તે જ કહી શકાય છે.

૧૫

શ્રી વીતરાગ દેવના વચનોની જેટલી રુચિ છે—શ્રદ્ધા છે તેટલી આત્મશુદ્ધિ માટે પ્રવૃત્તિ થઇ શકતી નથી. જીવને ચારિત્ર—મોહનીય આગળ વધવા દેતી નથી. તે કાંઇક લાંબી ભવસ્થિતિનું સૂચન કરે છે. ખોટી મોટાઇ માટે જીવો ઘણી જ પ્રવૃતિ કરે છે. કષ્ટાનુષ્ઠાન પણ કરે છે. મહાન તપસ્યાઓ આદરે છે—તે કેવળ દેહાધ્યાસથીજ થાય છે, કારણ કે જો દેહાધ્યાસ ન હોય તો અવશ્ય ચારિત્રમોહનીય અને દર્શનમોહનીયની નિર્જરા થવી જોઇએ. પણ પૌદ્ગલિક સુખો માટે જીવાત્માઓ મોટા ભાગે તપ જપનો આદર કરે છે. તે તેમની કષાય અને પાંચે ઇંદ્રિયોના વિષયના અત્યાદરથી સ્પષ્ટ જણાઇ આવે છે. જીવાત્માને ખોટી મોટાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થિતપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણિ.

## પુરુષાર્થ

પ્રારબ્ધ અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે. પુરુષાર્થ કર્યા વિના પ્રારબ્ધની ખબર ન પડી શકે. પ્રારબ્ધમાં હશે તે થશે એમ કહી બેસી રહ્યે કામ ન આવે. નિષ્કામ પુરુષાર્થ કરવો, પ્રારબ્ધને સમપરિણામે વેદવું–ભોગવી લેવું–એ મોટો પુરુષાર્થ છે.

પૂર્વકર્મ નથી, એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યે જવો તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહિં, પુરુષાર્થનો જય ન થયો, એવી નિરાશા સ્મરીશ નહિ. બીજાના દોષે તને બંધન છે, એમ માનીશ નહિ. તારે દોષે તને બંધન છે, એ સંતની પહેલી શિક્ષા છે.

કોઇ હીનપુરુષાર્થની વાતો કરે કે ઉપાદાન કારણનું શું કામ છે ? પૂર્વે અશોચ્યા કેવલી (વિચાર–સમજણથી પુરુષાર્થ કર્યા વિના–અકસ્માત્ જેમને જ્ઞાન થયું હોય તેવા) થયા છે, તો તેવી વાતોથી પુરુષાર્થહીન ન થવું. સત્સંગ ને સત્ય સાધન વિના કોઇ કાળે પણ કલ્યાણ થાય નહિ. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તો પણ ઘડો થાય નહિ, તેમ ઉપાદાનકારણ વિના કલ્યાણ થાય નહિ. શ્રી તીર્થંકરનો યોગ થયો હશે, એમ શાસ્ત્રવચન છે; છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થ વિના તે યોગ નિષ્ફળ ગયા; માટે પુરુષાર્થ કરવો અને તો જ કલ્યાણ થશે. ઉપાદાન કારણ શ્રેષ્ઠ છે.

પોતે ત્યાગ કરી શકે નહિ, અને બહાના કાઢે કે મારે અંતરાયો ઘણા છે. ધર્મનો પ્રસંગ આવે ત્યારે ઉદય–પ્રારબ્ધ એમ કહે. ‘ઉદય ઉદય’ કહ્યા કરે, પણ કાંઇ કૂવામાં પડતો નથી. ગાડામાં બેઠો હોય અને ઘાંચ આવે તો સાચવી સાંભળીને ચાલે. તે વખતે ઉદય ભૂલી જાય અર્થાત્ પોતાની શિથિલતા હોય, તેને બદલે ઉદયનો દોષ કાઢે છે.

ઐશ્વર્યપદ પ્રાપ્ત છતાં તેને ધક્કો મારીને

---

જોઇએ છે–ગમે છે. પ્રભુ આજ્ઞા પ્રમાણ વર્તીને પ્રભુ બનવું ગમતું નથી. દેહની પ્રશંસા ગમે છે, પણ આત્માની પ્રશંસા ગમતી નથી. મોટા કહેવરાવવું ગમે છે પણ મોટા બનવું ગમતું નથી. જ્યારે જ્યારે જેવા જેવા કર્મનો ઉદય હોય છે ત્યારે ત્યારે તેવા તેવા અધ્યવસાયો આત્માના થાય છે. જ્ઞાની પુરુષો અનાસક્તિ ભાવે–સમભાવે બધુંય વેદી લે છે. શરીરમાં કર્મના ઉદયનો વિકાર સુખ દુઃખ આદિ જણાય છે તેને જ્ઞાની પુરુષો પરપરિણતિ માને છે. એટલે તેમની મનોવૃતિમાં સમભાવ રહે છે. પોતે શરીરમાં થતા કર્મના વિકારોને પોતાનાથી અભિન્ન માને છે. અને સાચી રીતે જાણે છે કે–કર્મના વિકારોનો આત્માની સાથે કોઇપણ સંબંધ નથી. તેઓ દેહથી પોતાને સર્વથા ભિન્ન માને છે અને દેહથી આત્મા ભિન્ન છે એવું મરણસમયે અજ્ઞાની જગતને પણ જે પ્રત્યક્ષ થાય છે તે જ્ઞાનીઓને જ્ઞાનદૃષ્ટિમાં જણાતું હોવાથી તેમને કષાયો કાંઇપણ કરી શકતા નથી. તેઓ આત્મસ્વરૂપમાં જ હમેશાં લીન રહે છે. (ચાલુ)

For Private And Personal Use Only

પાછું કાઢે છે, 'આ મારે જોઇતું નથી; મારે આને શું કરવું છે?' કોઇ રાજા પ્રધાનપણું આપે તો પણ પોતે લેવા ઇચ્છે નહિ. મારે આને શું કરવું છે? 'ઘર સંબંધીની આટલી ઉપાધિ થાય તો ઘણી છે' આવી રીતે ના પાડે, ઐશ્વર્યપદની નિરિચ્છા છતાં રાજા ફરી ફરી આપવા ઇચ્છે તેને લીધે આવી પડે, તો તેને વિચાર થાય કે, 'જો તારે પ્રધાનપણું હશે તો ઘણા જીવોની દયા પળાશે ઇ૦' એવા ધર્મના કેટલાક હેતુ જાણીને વૈરાગ્ય ભાવનાએ વેદે-ભોગવે તેને ઉદય કહેવાય. ઇચ્છા સહિત ભોગવે અને 'ઉદય' કહે તો તે શિથિલતાના અને સંસાર રઝળવાના હેતુ થાય.

બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવૃતાવવાનો જીવને અભ્યાસ–સતત અભ્યાસ–કર્ત્તવ્ય છે, કારણ કે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય? કારણ વિના કાર્ય સંભવતું નથી.

જીવ એમ કહે કે મારા તૃષ્ણા, અહંકાર, લોભ આદિ દોષો જતાં નથી. અર્થાત્ જીવ પોતાનો દોષ કાઢતો નથી અને દોષોનો વાંક કાઢે છે. જેમ સૂર્યનો તાપ બહુ પડે છે અને તેથી બહાર નીકળાતું નથી, માટે સૂર્યનો દોષ છે; પણ છત્રી અને પગરખાં સૂર્યના તાપથી રક્ષણાર્થે બનાવ્યા છે તેનો ઉપયોગ કરતો નથી. તેમ જ્ઞાની પુરુષોએ લૌકિકભાવ મૂકી દઇ, જે વિચારથી પોતાના દોષો ઘટાડેલા તે વિચારો અને તે ઉપાયો જ્ઞાનીઓ ઉપકાર અર્થે કહે છે, તે શ્રવણ કરી આત્મામાં પરિણામ પામે તેમ કરવું.

કર્મનો દોષ કાઢવો નહિ, આત્માને નિંદવો. અનાદિકાળનાં કર્મો બે ઘડીમાં નાશ પામે છે. ધર્મ કરવાની વાત આવે ત્યારે પૂર્વ કર્મના દોષની વાત આગળ કરે છે. પુરુષાર્થ કરવો શ્રેષ્ઠ છે. કર્મ ટાળ્યા વગર ટળવાનાં નથી. તેટલા માટે જ જ્ઞાનીઓએ શાસ્ત્રો વર્ણવ્યા છે. કર્મ ગણી ગણીને નાશ કરતાં નથી. જ્ઞાની પુરુષ તો સામટો ગોટો વાળી નાશ કરે છે. વિચારવાને બધાં આલંબનો મૂકી દઇ, આત્માના પુરુષાર્થનો જય થાય તેવું આલંબન લેવું. કર્મબંધનનું આલંબન લેવું નહિ.

પુરુષાર્થ કરે તો કર્મથી મુક્ત થાય. અનંતકાળનાં કર્મો હોય અને જો યથાર્થ પુરુષાર્થ કરે, તો કર્મ એમ ન કહે કે હું નહિ જાઉં. બે ઘડીમાં અનંતા કર્મો નાશ પામે છે.

અનાદિકાળના અજ્ઞાનને લીધે જેટલો કાળ ગયો, તેટલો કાળ મોક્ષ થવા માટે જોઇએ નહિ; કારણ કે પુરુષાર્થનું બળ કર્મો કરતાં વધુ છે. કેટલાક જીવો બે ઘડીમાં કલ્યાણ કરી ગયા છે!

**મુનિરાજ શ્રી જિજ્ઞાસુ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક સમીકરણ

અનુ૦ ‘ અભ્યાસી ’ બી. એ.

જડ ચૈતન્યના ભેદજ્ઞાનશૂન્ય જગત, માનવ દેહ આદિ સઘળીયે સ્વસંપત્તિ ખોઇ નાખીને દુઃખના દરિયામાં ડૂબી રહ્યું છે. મારાપણાની બુદ્ધિથી પોતાની વસ્તુ મેળવવા અનેક ભવોથી પ્રયત્ન કરવા છતાં પણ અત્યાર સુધી અંશ માત્ર પણ મેળવી શકયું નથી, તોપણ નિરાશ ન થતાં આશાવાદી બનીને મેળવવાના પ્રયત્નોથી વિરામ પામતું નથી પરંતુ પોતાને સાચી રીતે ઓળખ્યા સિવાય પોતાની સાચી વસ્તુ મેળવી શકાતી નથી. આ સિદ્ધાંત ન જાણવાથી પ્રયત્ન કરવા છતાં કોઇપણ કાળે પોતાની વસ્તુ મેળવી શકવાનો નથી.

સ્વસ્વરૂપથી અણજાણ જીવ જયારે સ્વ-પરના ભેદની વિચારણા કરે છે ત્યારે તથા દેહાશ્રિત ઇતર વસ્તુને પોતાની માનીને અને તેનાથી ભિન્ન જડ હોય કે ચેતન સર્વને પર માને છે. તેમજ ગાઢતમ મિથ્યાત્વના અંધકારમાં જ્ઞાનચક્ષુવિહીન થઇને પરવસ્તુ પોતાની બની શકે છે એવી ભ્રમણાથી તેને મેળવવા નિરંતર પ્રયાસ કર્યા કરે છે, અને દેહમાં સ્વપણાનું અભિમાન હોવાથી પોતાને ઓળખવાને વિચાર સરખો ય કરતો નથી. જ્ઞાન, જીવન, સુખ તથા આનંદસ્વરૂપ હું છું એવો આભાસ દેહાધ્યાસીને થતો નથી. પણ જડ વસ્તુને મેળવી તેના ઉપયોગથી આનંદ તથા સુખાદિ પ્રાપ્ત થાય છે એવી અજ્ઞાનતાથી નિરંતર જડ વસ્તુને આધીન રહીને તેની ઉપાસના કરે છે. મારું શરીર, મારું ઘર, મારું ધન આ પ્રમાણે બોલવાથી તો સ્પષ્ટ ભાસ થાય છે કે સંસારની સઘળીયે વસ્તુઓથી પોતે ભિન્ન છે અને તે જ્ઞાનસ્વરૂપ છે છતાં અનાદિ કાળના જડના સહવાસને લઇને દેહથી પોતાને ભિન્ન જાણી શકતો નથી, તેમજ માની શકતો પણ નથી. કર્મસ્વરૂપ જડની સાથે અનાદિ કાળથી ક્ષીરનીરની જેમ ઓતપ્રોત થયેલો હોવાથી કર્મના કાર્યસ્વરૂપ વિચિત્ર પ્રકારના જડ તથા જડના વિકારના સંયોગ વિયોગમાં હર્ષ, શોક, આનંદ સુખ અનુભવતો રાગદ્વેષની પ્રેરણાથી જડ જગતના દાસપણામાંથી છૂટી શકતો નથી.

માનવી વિભાવ પર્યાયને પ્રાપ્ત થયેલો માનવસ્વરૂપ જીવ કર્મસ્વરૂપ જડાશ્રિત હોવાથી નિરંતર તેની પ્રેરણા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. પુન્ય કર્મથી જડના વિકારસ્વરૂપ બાહ્ય સંપત્તિ જેમ જેમ મેળવતો જાય છે તેમ તેમ તેની પરાધીનતા પણ વધતી જાય છે, છતાં મેં બહુ સારું મેળવ્યું છે, હું સંપત્તિવાળો છું એવા મિથ્યાભિમાનથી પોતાને સુખી માને છે. જો કે પરાધીનતામાં લેશમાત્ર પણ સુખ હોતું નથી, કારણ કે સ્વશક્તિહીન થવાથી જ પરાધીન બનીને પરાધીનતા પ્રાપ્ત કરાય છે. અને પરાધીનપણામાં સ્વેચ્છા પ્રમાણે વર્તી શકાતું નથી. પરવસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે ઇચ્છાઓ પૂર્ણ કરવામાં સહાય થાય છે. કર્મની પ્રેરણાથી થયેલી ઇચ્છાઓ વસ્તુસ્થિતિ વિચારતાં તાત્વિક સાચો વસ્તુ હોતી નથી. અને પ્રાયે પરાધીનતાને દૃઢ કરનારી હોય છે તોપણ મને સાચી જ વસ્તુ પ્રાપ્ત થઇ છે એવી અજ્ઞાનતાથી જીવ એક વખત તો સંતોષ માની લે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ છેવટે જ્યારે તે વસ્તુ પોતાનું ખરું સ્વરૂપ દેખાડે છે ત્યારે પોતે હતાશ થઇ જાય છે અને નિરાશાની સાથે વ્યર્થ જીવન વ્યતીત કરવા માટે પશ્ચાત્તાપ કરે છે.

પુન્ય કરવાથી, સદાચારી જીવન વ્યતીત કરવાથી પ્રત્યક્ષ લાભ શો છે એ 'આધ્યાત્મિક સમીકરણ'નો નિયમ સમજવાથી જાણી શકાય છે. સઘળા પ્રકારના ભોગોનું અંતિમ લક્ષ્ય આત્મશાંતિ જ છે. જેની બુદ્ધિ ભોગોના બનાવટી રૂપથી પૂરેપૂરી ભ્રાંત નથી થઈ હોતી તે તો સહેજે સમજી જશે કે પદાર્થોના સંગ્રહથી આત્મશાંતિ અને સાચો આનંદ પ્રાપ્ત નથી થતો. જર્મનીનો તત્ત્વવેત્તા શોપેનહર લખે છે કે 'સંસારના મનુષ્યો સુખની ખાતર અનેક સામગ્રી એકત્ર કરે છે, પરંતુ સુખનો આધાર તો મનની સ્થિતિ અને તેના ભાવો ઉપર રહેલો છે.' આપણને સંસારના સઘળા ભોગો પ્રાપ્ત થયા હોય છતાં પણ મન વિક્ષિપ્ત હોય છે તો શું આપણે એ ભોગોથી કોઇપણ પ્રકારનું સુખ પ્રાપ્ત કરી શકીએ છીએ? તેથી જ બુદ્ધિમાન મનુષ્ય બાહ્ય પદાર્થો પર વિશ્વાસ ન રાખતાં પોતાનાં મનને જ ભલું બનાવવાનો પ્રયત્ન કરે છે. સ્વાર્થબુદ્ધિથી મન હમેશાં વિક્ષિપ્ત રહે છે અને પરમાર્થથી મનમાં શાંતિ આવે છે. સ્વાર્થબુદ્ધિના વધવાથી આત્માનું બૃહતરૂપ ભુલાઇ જાય છે. એવી સ્થિતિમાં દુઃખ જ રહ્યા છે. સાંસારિક વૈભવનો સ્વામી બીજાની દૃષ્ટિમાં ભલે સુખી દેખાતો હોય, પણ તેનો અંતરાત્મા સુખી છે કે નહિ તે એની માનસિક સ્થિતિ જ બતાવી શકે છે. એવો માણસ પોતાના ધનમાં અધિક ને અધિક વધારો કરવા ચાહતો હોય છે તો પછી તેને સુખચેન કયાંથી? તે તો હંમેશાં ઈર્ષ્યા, ક્રોધ અને ભયનો શિકાર બની રહે છે.

'આધ્યાત્મિક સમીકરણ'નો નિયમ આપણને આત્મસંતોષ શીખવે છે. આપણામાં કોઇ વસ્તુ માટેની લાયકાત હશે તો તે આપણને જરૂર મળશે જ. આપણે કોઈની સાચી સેવા કરીએ તો તેનું સારું ફળ જરૂર મળશે. એ નિયમ આપણને લોભના પાશમાં ફસાતા બચાવે છે, બીજા પ્રત્યે ઈર્ષ્યાનો અગ્નિ આપણા હૃદયમાં પ્રગટવા નહિ દે. બાહ્ય સુખ અને આંતરિક શાંતિ એક નથી એમ વિચારીને આપણા ચિત્તનું સમાધાન કરી લઇએ છીએ. એટલા માટે જ એ નિયમ સારી રીતે સમજવો એ મનુષ્યમાત્ર માટે મહાકલ્યાણકારી છે. એ વાત પર વારંવાર વિચાર કરીને ખૂબ મનન કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાલ–ચરિત્રો

લે૦:—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

નવપદ યાને સિદ્ધચક્રનો મહિમા દર્શાવવા માટે **શ્રીપાલ નરેશ્વરનું** દૃષ્ટાંત રજૂ કરાય છે અને હું ભૂલતો ન હોઉં તો એ એક જ દૃષ્ટાંત વ્યાપક સ્વરૂપે ગ્રન્થસ્થ બન્યું છે. આને લઇને આપણને વિવિધ ભાષાઓમાં–પાઇય, અપભ્રંશ, સંસ્કૃત તેમજ ગુજરાતીમાં શ્રીપાલનું ચરિત્ર આલેખતી સ્વતંત્ર કૃતિઓ આજે મળે છે. આમ જે અનેક શ્રીપાલ–ચરિત્રો યોજાયાં છે તેની ભાષાદીઠ રચના–વર્ષના ક્રમે હું અહીં નિર્દેશ કરું છું.

## પાઇય

'બૃહત્–તપા' ગચ્છના હેમતિલકસૂરિના પટ્ટધર રત્નશેખરસૂરિએ **સિરિવાલકહા** પાઇયમાં–જઇણ મરહટ્ટીમાં ૧૩૪૨ પદ્યોમાં રચી છે. એ એમના શિષ્ય હેમચન્દ્રે વિ. સં. ૧૪૨૮ માં લખ્યાનો અંતમાં ઉલ્લેખ છે. આ પાઇય કૃતિ વિષે કેટલીક બાબત મેં **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** એ નામના મારા હાલમાં છપાતા પુસ્તક (ખંડ ૨)માં તેમજ **નવપદ–માહાત્મ્યની** મારી "પ્રવેશિકા" (પૃ. ૬–૭) માં વિચારી છે. એટલે એ વિષે હું અહીં કંઇ કહેતો નથી.

**જિનરત્નકોશ** (પૃ. ૩૯૭)માં કહ્યું છે કે પ્રદ્યુમ્નસૂરિએ પાઇયમાં **શ્રીપાલ ચરિત્ર** રચ્યું છે અને એની એક હાથપોથી અમદાવાદના એક ભંડારમાં છે.

**જૈન ગ્રન્થાવલી** (પૃ. ૨૬૧)માં **શ્રીપાલકથોદ્ધાર** 'પ્રાકૃત' માં રચાયાનો ઉલ્લેખ છે. આ જો વાસ્તવિક હોય તો આ કૃતિ કોઇ શ્રીપાલકથાના સંક્ષેપરૂપ ગણાય અને તેથી કરીને એ શ્રીપાલ-કથા તે કઇ તેવો પ્રશ્ન ઊઠે. આનો ઉત્તર તો આ પાઇય કૃતિ જેને લભ્ય હોય તે આપશે એટલું જ અહીં સૂચવું છું.

## અપભ્રંશ

'અપભ્રંશ' એ નામ તિરસ્કારસૂચક છે ખરું, પરંતુ વખત જતાં એ રૂઢ બનવાથી અને એ ભાષા અને સાહિત્ય તરફનું ઘૃણાત્મક વલણ ચાલુ નહિ રહેવાથી એ નામ અહીં હું વાપરું છું.

એક સમય એવો હતો કે જ્યારે અપભ્રંશનો અંતર્ભાવ પાઇયમાં કરાતો હતો, પરંતુ મોડામાં મોડા દંડીના સમયથી તો અપભ્રંશને સ્વતંત્ર સ્થાન મળ્યું અને આમ એનું મહત્ત્વ સ્વીકારાયું.

અપભ્રંશમાં બે કૃતિઓમાં **શ્રીપાલના** ચરિત્રને સ્થાન અપાયું છે. એકના કર્તા **રઇધૂ** કવિ ઉર્ફે સિંહસેન છે અને બીજાના કર્તા **નરસેન** છે. **જૈ.** સા. સં. ઇ. (પૃ. ૫૨૦) જોતાં જણાય છે કે રઇધૂએ અનેક કૃતિઓ અપભ્રંશમાં રચી છે અને એમનો સમય **વિક્રમની** સોળમી શતાબ્દી છે. પૃ. ૮૬૫ માં એ ઓ દિગંબર હોવાનો ઉલ્લેખ છે. એમના રચેલા **શ્રીપાલચરિત્રની** એક હાથપોથી વિ. સં. ૧૬૨૧ માં લખાયેલી છે. **નરસેન** વિષે વિશેષ માહિતી હું મેળવી શકયો નથી, પરંતુ એમની કૃતિ દિગંબર ભંડારમાં હોવાની નોંધ મળે છે. એ ઉપરથી હું એમને દિગંબર માનવા પ્રેરાઉં છું.

## સંસ્કૃત–પાઇય

**ધર્મસુન્દરે** ઉર્ફે **સિદ્ધસૂરિએ** વિ. સં. ૧૫૩૧માં **રસવતી–વર્ણન** ગૂંથ્યું છે અને એ **શ્રીપાલ–**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નાટક**ને અનુલક્ષીને છે. આ વર્ણન કઇ ભાષામાં છે એ જાણવામાં નથી, પરંતુ સામાન્ય રીતે પ્રાચીન નાટકો દ્વૈભાષિક છે. સંસ્કૃત અને પાઈયમાં રચાયેલાં જોવાય છે એ હિસાબે આ **શ્રીપાલ નાટક** દ્વૈભાષિક હોવાની મેં કલ્પના કરી છે. વાસ્તવિક હકીકત તો આ નાટક કે **રસવતી વર્ણન** નજરે જોયા પછી રજૂ કરી શકાય.

## સંસ્કૃત

શ્રીપાલના ચરિત્રને લગતી જે સંસ્કૃત કૃતિઓની નોંધ **જિનરત્નકોશ**( પૃ. ૩૯૬–૩૯૮ )માં છે તે પૈકી કેટલીકનાં કર્તાનાં નામ જાણવામાં નથી. કેટલીકનાં રચના–સમય વિષે કંઇ ઉલ્લેખ નથી. વળી કેટલીકનાં કર્તા વિષે વિશેષ હકીકતો એકત્રિત કરવા જેટલો મને અત્યારે સમય નથી. આથી રચના–વર્ષના ક્રમે જ કૃતિઓ અહીં ન નોંધાય તો તે સજ્જનો ક્ષંતવ્ય ગણશે એમ માની હું આગળ વધું છું.

**શ્રીપાલ–ચરિત્ર** અને સટીક **શ્રીપાલ નરેન્દ્ર કથા** એ બે અજ્ઞાતકર્તૃક કૃતિઓ છે.

રચના–વર્ષના ઉલ્લેખવાળી ઉપલબ્ધ કૃતિઓમાં સત્યરાજગણિએ લગભગ ૫૦૦ પદ્યોમાં વિ. સં. ૧૫૧૪માં રચેલું **શ્રીપાલ–ચરિત્ર** સૌથી પ્રાચીન છે. આ ગણિ ‘ પૂર્ણિમા ’ ગચ્છના ગુણસુન્દરસૂરિના શિષ્ય થાય છે. એમની રચેલી આ કૃતિ “ વિજય-દાનસૂરીશ્વર–ગ્રન્થમાલા ” માં ગ્રન્થાંક ૪ તરીકે વિ. સં. ૧૯૯૫માં પ્રસિદ્ધ થયેલી છે.

વિ. સં. ૧૫૫૪માં સત્યસાગરગણિએ **શ્રીપાલ ચરિત્ર** રચ્યાનો જે ઉલ્લેખ જોવાય છે તે ભ્રાન્ત હોય એમ લાગે છે. શું સત્યરાજને બદલે અહીં સત્યસાગર એવો નિર્દેશ છે ?

‘ વૃદ્ધ તપા ’ ગચ્છના ઉદયસાગરગણિના શિષ્ય લબ્ધિસાગરગણિએ વિ. સં. ૧૫૫૭માં **શ્રીપાલ કથા** રચી છે. એમાં ૫૦૭ શ્લોકો છે.

‘ વૃદ્ધ તપા ’ ગચ્છના વિજયરત્નસૂરિના શિષ્ય ધર્મધીરે **શ્રીપાલ ચરિત્ર** રચ્યું છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૭૩માં લખાયેલી છે.

‘ સરસ્વતી ’ ગચ્છના સિંહ નંદિ અને મલ્લિ-ભૂષણના શિષ્ય બ્રહ્મ–નેમિદત્તે વિ. સં. ૧૫૮૫માં **શ્રીપાલ ચરિત્ર** રચ્યું છે. આ નવ વિભાગમાં વિભક્ત છે. આ દિગંબરીય કૃતિ છે. આ તેમજ અન્ય દિગંબરીય કૃતિઓ શ્વેતાંબરોના શ્રીપાલ–ચરિત્રથી સાહિત્યને સમૃદ્ધ જોઈ યોજાઇ હોય એમ લાગે છે. શ્રીપાલને અંગેની શ્વેતાંબરીય કૃતિઓની અપેક્ષાએ દિગંબરીય કૃતિઓ કેટલી છે અને એ કેટલી પ્રાચીન છે ?

ધીરવિમલના શિષ્ય નયવિમલે અર્થાત્ જ્ઞાન-વિમલસૂરિએ ગદ્યમાં **શ્રીપાલ ચરિત્ર** વિ. સં. ૧૭૪૫માં રચ્યું છે. એ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૧૭માં છપાયું છે.

‘ ખરતર ’ ગચ્છના જય(? જિન )કીર્તિસૂરિએ વિ. સં. ૧૮૬૮ માં **શ્રીપાલચરિત્ર** રચ્યું છે. એનું પ્રમાણ ૧૧૦૦ શ્લોક જેટલું છે. આ ગદ્યાત્મક કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઇ. સ. ૧૯૦૮માં પ્રસિદ્ધ થયેલી છે.

‘ ખરતર ’ ગચ્છના રાજમુનિના શિષ્ય લબ્ધિ-મુનિએ વિ. સં. ૧૯૯૦માં દશ સર્ગમાં ૧૦૪૦ પદ્યોમાં શ્રીપાલચરિત્ર રચ્યું છે. અને એ “ જિનદત્તસૂરિ-જ્ઞાનભંડાર ” તરફથી વિ. સં. ૧૯૯૧માં છપાયું છે.

આ ઉપરાંતની સંસ્કૃત કૃતિઓ વિષે પ્રાયઃ વિશેષ કંઇ ન કહેતા એના કર્તાના નામો હું અકારાદિ ક્રમે આપું છું ઇન્દ્રદેવરસ, ક્ષેમલક કવિ, જગન્નાથ પંડિત, જીવરાજગણિ, નરદેવ, મલ્લિભૂષણ, વિજયસિંહ-સૂરિ, વિદ્યાનંદિ, વીરભદ્રસૂરિ, શુભચન્દ્ર, સકલકીર્તિ, સોમકીર્તિદેવ, સોમચન્દ્રગણિ, સૌભાગ્યસૂરિ, હર્ષ-સૂરિ અને હેમચન્દ્રસૂરિ.

હર્ષસૂરિ તે જ હેમચન્દ્રસૂરિ તો નથી ને એવી શંકાને સ્થાન છે. વિશેષમાં અહીં જેને સંસ્કૃત કૃતિઓ કહી તે નજરે જોતાં કોઇ ભૂલ પણ જણાય તો ના નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી

ઉપલબ્ધ ગુજરાતી સાહિત્ય જોતાં એ વાત તરી આવે છે કે સૌથી પ્રથમ **શ્રી**પાલરાસ રચવાનું માન **માંડણુ** શ્રાવકને મળે છે. એમણે આ રાસ વિ. સં. ૧૪૯૮માં રચ્યો છે.[1] જો આ અપ્રસિદ્ધ હોય તો એ છપાવવો ઘટે જેથી ગુર્જર ભાષાના અભ્યાસીને તેમજ રત્નશેખરસૂરિકૃત **સિરિવાલકહા** સાથેના સંતુલનના અર્થીને એનો લાભ મળે.

**ગુણુદેવસૂરિ**ના શિષ્ય **જ્ઞાનસાગરે** વિ. સં. ૧૫૩૧ માં **શ્રીપાલ**નો રાસ રચ્યો છે.

દિગંબર **વાદીચન્દ્રે** વિ. સં. ૧૬૫૧માં **શ્રીપાલાખ્યાન કથા** રચી છે. આમ શ્વેતાંબરોને અનુસરી એમણે દિગંબર સમાજની સેવા કરી છે અને દિગંબર સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

વિ. સં. ૧૭૦૨ માં **માનવિજયે**, ૧૭૨૨ માં **મેરુવિજયે**, ૧૭૨૬માં **જ્ઞાનસાગરે**, ૧૭૨૭માં [2]**લક્ષ્મીવિજયે**, ૧૭૨૮ માં **ઉદયવિજયે**, ૧૭૩૨ માં **માણિક્યસાગરે** કે એમના શિષ્ય **જ્ઞાનસાગરે**, ૧૭૩૮ માં **વિનયવિજયે** (યશોવિજયગણિએ), ૧૭૪૦ માં **હુરખચંદે**, ૧૭૪૦ માં તેમજ ૧૭૪૨ માં **જિનહર્ષે**, ૧૭૯૧માં **જિનવિજયે**, ૧૮૩૭માં **લાલચન્દ્રે**, ૧૮૫૬ માં **રૂપમુનિએ** અને ૧૮૯૮ માં **ઉદયસોમે** **શ્રીપાલરાસ** રચેલા છે.

૧ જુઓ જૈ. સા. સં. ઈ. (પૃ. ૪૮૭).

૨ એમણે પોતાની કૃતિનું નામ **મયણાસુંદરીરાસ** રાખ્યું છે.

આ ઉપરથી નીચે મુજબની બાબતો તારવી શકાય છેઃ—

(૧) પાઇયમાં ત્રણ, અપભ્રંશમાં બે, સંસ્કૃતમાં પચીસેક અને ગુજરાતીમાં સોળ એમ એકંદર પચાસેક કૃતિઓ છે.

(૨) પ્રાચીનતાની દૃષ્ટિએ પાઇયમાં રત્નશેખરસૂરિની, અપભ્રંશમાં રઇધૂની, સંસ્કૃતમાં **સત્યરાજ**ગણિ જેવાની અને ગુજરાતીમાં **માંડણુ** શ્રાવકની કૃતિ ગણાવી શકાય.

(૩) શ્વેતાંબર ગ્રન્થકારોએ પહેલ કર્યા બાદ દિગંબરોએ એમનું અનુકરણ કર્યું છે.

(૪) પ્રસિદ્ધ કૃતિઓ કરતાં અપ્રસિદ્ધ કૃતિઓની સંખ્યા વિશેષ છે.

(૫) **માંડણુ** શ્રાવકનો રચેલો **શ્રીપાલ** રાસ જો અપ્રસિદ્ધ હોય તો એ સત્વર **પ્રસિદ્ધ** થવો ઘટે.

(૬) રત્નશેખરસૂરિકૃત **સિરિવાલકહા**ના લગભગ અડધા ભાગનો અંગ્રેજી અનુવાદ ટિપ્પણાદિ સહિત છપાયો છે તો સમીક્ષાત્મક દૃષ્ટિએ આ પાઇય કૃતિનો ગુજરાતી અનુવાદ છપાવવાનું કાર્ય ઝટ હાથ ધરાવું ઘટે જેથી પાઇયના અભ્યાસના પગરણુ માંડનારને એ સહાયક બનવા જેટલો તો તાત્કાલિક લાભ થાય.

અંતમાં વિશેષજ્ઞોને મારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે આ લેખને અંગે જે કંઇ સૂચવવા જેવું હોય તે તેઓ સપ્રમાણ રજૂ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન જિન સ્તવનમાંહેનું

# વીશમા શ્રી અજિતવીર્ય જિન સ્તવન

## સ્પષ્ટાર્થ સાથે

સં. ડાક્ટર વલભદાસ નેણસીભાઇ-મોરબી

અજિતવીર્ય જિન વિચરતારે, મન મોહનારે લાલ,
પુષ્કર અર્ધ વિદેહરે, ભવિ બોહનારે લાલ;
જંગમ સુરતરુ સારિખોરે, મન મોહનારે લાલ,
સેવે ધન્ય ધન્ય તેહરે, ભવિ બોહનારે લાલ. (૧)

**સ્પષ્ટાર્થઃ**—અતિશય દુર્જય મોહરાજાનો જેણે લીલા માત્રમાં સમૂલ ક્ષય કરી નાંખ્યો છે, તથા જેનું વીર્ય હણવાને કોઇ પણ સમર્થ નથી એવા અતિશય નિશ્ચલ અનંતવીર્યવંત પુષ્કલાવર્ત વિદેહમાં વિચરતા હે શ્રી અજિતવીર્ય પ્રભુ, જેમ કમલને સુગંધનું આવાસ જાણી ભ્રમર તેમાં મોહી રહે છે તેમ શુદ્ધાત્મ અનુભવવડે ભરપૂર આપની અત્યંત શાંત મુદ્રા વિલોકી પ્રશસ્ત રાગવડે ભવ્ય જીવોનું ચિત્ત આપમાં મોહિત રહે છે. એવી રીતે આ ત્રિલોકમાં આપ મનમોહન છો, તથા અજ્ઞાનરૂપ અંધકારવડે આવૃત થયેલા ભવ્ય જીવોના હૃદયકમલને વિકસ્વર કરનારા છો, તથા કલ્પવૃક્ષ તો સ્થાવર હોવાથી હમેશાં એક જ ઠેકાણે રહી ઇચ્છિત ફલ આપી શકે છે તો પણ તે પૌદ્ગલિક તથા વિનશ્વર છે પણ આપ તો અનેક સ્થલે વિહાર કરી કોઇ પણ કાળે નાશ અથવા વિરસ ન થાય એવું સ્વાધીન તથા સર્વે કામના જેથી પૂર્ણ થાય એવું રત્નત્રયરૂપ ફલ ભવ્ય જીવોને નિરંતર પ્રદાન કરો છો, માટે હે ભગવંત ! ખરેખર આપજ આ જગતૂત્રયમાં અદ્વિતીય કલ્પવૃક્ષ છો, તેથી હે ભગવંત ! જે પ્રાણીઓ આપના ચરણકમલની સેવામાં લીન છે તેઓને ધન્ય છે. વળી ધન્ય છે, તેઓને કે જે આ અપાર ભવસમુદ્રને ગોપદ પેઠે સહજ ઓલંઘી જનારા છે.

જિન ગુણ અમૃત પાનથીરે મન મોહનારે લાલ,
અમૃત ક્રિયા સુપસાયરે ભવિ બોહનારે લાલ;
અમૃત ક્રિયા અનુષ્ઠાનથી રે મન મોહનારે,
આતમ અમૃત થાય રે ભવિ બોહનારે લાલ. (૨)

**સ્પષ્ટાર્થઃ**—જિનેશ્વરના જ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું સેવન બહુમાનરૂપ અમૃતનું પાન કરવાથી અમૃતક્રિયા( અમૃતાનુષ્ઠાન )ની પ્રાપ્તિ થાય, અને અમૃતાનુષ્ઠાનવડે સકલ મોહનો ક્ષય થઇ આત્મા અજર, અમર, અવિનશ્વર શુદ્ધ સિદ્ધપદને પ્રાપ્ત થાય, અને અન્ય જીવોને અમૃત સમાન ભવ રોગથી મુક્ત કરવાનો હેતુ થાય, અનુષ્ઠાન પાંચ પ્રકારનાં છેઃ-વિષાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન, અન્યોન્યાનુષ્ઠાન, તદ્હેતુઅનુષ્ઠાન, અને અમૃતાનુષ્ઠાન—

વિષાનુષ્ઠાનઃ—મિષ્ટાન્ન ભોજનની લાલચે, વસ્ત્રાદિક ઉપકરણની લાલચે, પૂજાની લાલચે, સિદ્ધિની લાલચે જે તપ જપાદિ ક્રિયા કરે તે ક્રિયા ચિત્તશુદ્ધિની હણનારી છે તેથી તે વિષાનુષ્ઠાન કહેવાય છે, આ ભવમાં પૌદ્ગલિક ભોગોની પ્રાપ્તિ થવાની લાલચે-ઇચ્છાએ જે તપાદિ અનુષ્ઠાન આદરવું તે વિષાનુષ્ઠાન છે. **અધ્યાત્મસાર.**

ગરલાનુષ્ઠાનઃ-પરભવે દેવ-ઇંદ્રાદિકના દિવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોગ મળે એવી ઇચ્છા, લાલચવડે જે તપાદિ અનુષ્ઠાન આદરવું તે ગરલાનુષ્ઠાન છે. જેમ બંગડીચૂર્ણ પ્રમુખ દ્રવ્યના સંયોગે પ્રગટ થતું વિષ તે ગરલ નામા વિષ કહેવાય. તે ઘણા દિવસ કષ્ટ પમાડી મારે છે તેમ ગરલાનુષ્ઠાન પણ અહિતકારી કુગતિ આદિ આપે છે.

અન્યોન્યાનુષ્ઠાનઃ–સૂત્રકથિત નિર્દોષ માર્ગની અપેક્ષા વિના તથા શુદ્ધ પ્રણિધાનાદિકને અભાવે ઉપયોગશૂન્યે સંમૂચ્છિમની પેઠે, બીજાના દેખાદેખી જે ક્રિયા કરવી તે અન્યોન્યાનુષ્ઠાન જાણવું. સૂત્રની શૈલી રહિતપણે ગતાનુગતિકપણે ઓઘ સંજ્ઞાએ તથા લોક સંજ્ઞાએ જે કરવું તે અન્યોન્યાનુષ્ઠાન છે. તે ઉપયોગશૂન્ય અર્થાત્ જ્ઞાન રહિત હોવાથી તે વડે સકામ નિર્જરા થઇ શકે નહીં. આ વિષાદિ ત્રણે અનુષ્ઠાનમાં અશુદ્ધ ક્રિયાનો આદર ઉપજે છે માટે આ ત્રણે અનુષ્ઠાન ત્યાગવા લાયક છે.

સૂત્રકૃતાંગમાં લખ્યું છે કે–વ્યાકરણાદિક લૌકિક અનેક શાસ્ત્રને જાણનારા પણ જૈન સિદ્ધાંતના શુદ્ધ તત્ત્વજ્ઞાનથી અજાણ અર્થાત્ સમ્યકત્વ પરિજ્ઞાનથી રહિત હોવાથી અબુધ–એવા પુરુષો જો કે શૂરવીર હોય તથા ત્યાગાદિ ગુણવડે લોકમાં પૂજ્ય ગણાતા હોય તથાપિ તેઓનો દાન–તપ–નિયમ આદિકને વિષે ઉદ્યમ, પરાક્રમ તે સર્વ અશુદ્ધ જાણવો. કારણ કે તેઓનું તપાદિક સર્વે અનુષ્ઠાન કર્મબંધના કારણ વિષે સફળ થાય એટલે નવા કર્મબંધનનું કારણ થાય પણ નિર્જરાનું કારણ થઇ શકે નહીં કારણ કે સકામ નિર્જરા તો સમ્યગ્જ્ઞાને જ થાય.

જે સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન સહિત છે તે જ બુધ પુરુષ છે, જે પૂજ્ય છે, જે સાચા શૂરવીર છે અને તેઓનો જ તપાદિક અનુષ્ઠાનમાં ઉદ્યમ–પરાક્રમ શુદ્ધ જાણવો અને તેઓનું અનુષ્ઠાન નવાં કર્મબંધન અટકાવી શકે છે તથા સકામ નિર્જરાનો હેતુ છે.

તદ્દહેતુ અનુષ્ઠાનઃ–ચરમ પુદ્‌ગલપરાવર્તે ધર્મના યૌવન કાલે બાલદશા ટળ્યે થકે માર્ગાનુસારી પુરુષ શુદ્ધાનુષ્ઠાનના રાગવડે ઉપયોગ સહિત જે કાંઇ ક્રિયા આદરે તે તદ્દહેતુ અનુષ્ઠાન જાણવું.

અમૃતાનુષ્ઠાનઃ–સહજ ભાવ ધર્મ તે શુદ્ધ ચંદનની સુગંધ સમાન છે, અને તે ભાવધર્મ સહિત જે અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાન છે. અત્યંત સંવેગ ગુણ સહિત ચિત્ત શુદ્ધિને જિનેશ્વરની આજ્ઞામાં વર્તવું તેને ગણધરાદિક અમૃતાનુષ્ઠાન કહે છે અને તે જ મોહનો સંપૂર્ણ ક્ષય કરવા સમર્થ છે.

મયણાસુંદરીને પ્રભુપૂજા કરતાં અપૂર્વ ઉલ્લાસ પ્રગટયો હતો અને અમૃતક્રિયા ઉદ્દભવી હતી; શ્રીપાળ મહારાજાના રાસમાં અમૃતક્રિયાનું વર્ણન કરતાં મહામહોપાધ્યાય જણાવે છે કે.

તદ્દગત ચિત્તને સમય વિધાન,
ભાવની વૃદ્ધિ, ભવભય અતિ ઘણો,
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃતક્રિયા તણો.

તદ્દગત ચિત્ત એટલે જે ક્રિયા પ્રવર્તે તે જ ક્રિયામાં ઉપયોગ વર્તે, ચિત્તની વ્યગ્રતા ન હોય, તેમજ સમય જે સિદ્ધાંત તેમાં કહ્યા પ્રમાણે યોગ્ય કાળે, યોગ્ય વિધિવિધાનપૂર્વક, ક્રિયા કરે. ભાવની વૃદ્ધિ તે સમયોચિત ક્રિયા કરવાથી પરિણામની ધારા વૃદ્ધિ પામતી હોય, અને ભવ જે સંસાર તેમાં પ્રાપ્ત થતા જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરેનાં દુઃખ તેનો અત્યંત ભય લાગવાથી તેનાથી વિરક્ત ભાવ હોય–વિસ્મય તે કરાતી ક્રિયામાં અતિ પુષ્ટતર સાધ્યની કારણતા દેખી, અપ્રાપ્ત ચમત્કાર ઉત્પન્ન થાય. પુલક તે પુષ્ટતર કારણની પ્રાપ્તિ થવાથી અભિનવ સંસારભ્રમણ ભયથી રહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે જાણીને રોમરોમ વિકસ્વર થાય. વળી પ્રમોદ તે આત્મિક સુખ પ્રાપ્ત થવાથી અંધને નેત્રનો લાભ થવાથી, અને સુભટને શત્રુ જીતવાથી જે હર્ષ થાય તે કરતાં અત્યંત હર્ષ ઉત્પન્ન થાય-આ સર્વે અમૃતક્રિયાના લક્ષણ જાણવા.

મયણાસુંદરીને પ્રભુપૂજામાં એક ચિત્તે લયલીન થતાં આવો જ યોગ પ્રાપ્ત થયેલો, અને તેના પ્રત્યક્ષ ફળરૂપે લાંબા વિયોગ પછી શ્રીપાલ મહારાજાને પ્રસન્ન ચિત્તે સન્માનવાનો તેને લાભ મળેલ. એ રાસની હકીકત ઉપરથી આપણે પ્રત્યક્ષ જાણી શકીયે છીએ.

પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથી રે મન મોહના રે લાલ,
વચન અસંગી સેવ રે ભવિ બોહના રે લાલ;
કર્તા તન્મયતા લહે રે મન મોહના રે લાલ,
પ્રભુ ભક્તિ નિત્યમેવ રે ભવિ બોહના રે લાલ. (૩)

**સ્પષ્ટાર્થ**:—સર્વે પુદ્ગલ ભાવમાંથી પ્રીતિ ઉઠાવી, માત્ર એક જિનેશ્વરના સ્વાભાવિક પવિત્ર જ્ઞાનાદિ ગુણોમાં અત્યંત પ્રીતિભાવ કરવો તેમાં ચિતની તલ્લીનતા કરવી તે પ્રીતિ અનુષ્ઠાન છે.

તથા શ્રી જિનેશ્વરને પરમ કરુણાના નિધાન, ભવસાગરમાંથી ભવ્ય જીવોને મુક્ત કરનાર, ધર્મધુરંધર, તીર્થના પ્રવર્તક જાણી તેઓના ગુણનું બહુમાન કરવું, અતિશય આદર સન્માન, વિનય, પૂજા, સેવના વિગેરે કરવાં તે ભક્તિ અનુષ્ઠાન છે.

વળી લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાનવડે સર્વે તત્ત્વના યથાર્થ વેત્તા તથા ઉપદેશક પરમ વીતરાગ શ્રી જિનેશ્વરના વચનોની યથાર્થ શ્રદ્ધા કરવી, તદનુસાર હર્ષયુક્ત આચરણમાં પ્રવર્તવું તે વચનાનુષ્ઠાન છે.

હે પ્રભુ! એ ત્રણ અનુષ્ઠાન જે ભાવયુક્ત સેવન કરે તે તેને સર્વે વિભાવિક ક્રિયાથી નિવૃતિ તથા સહજ આત્મિક પારિણામિકતાની પ્રાપ્તિરૂપ અસંગ અનુષ્ઠાન થાય.

એમ એ ચાર અનુષ્ઠાનનો કર્તા, હે ભગવંત, આપ સ્વરૂપને પ્રાપ્ત થાય, માટે હે પ્રભુ! આપની ભક્તિમાં મારું ચિત્ત નિરંતર લીન રહે એમ ભાવના ભાવું છું.

પરમેશ્વર અવલંબને રે મન મોહના રે લાલ,
ધ્યાતા ધ્યેય અભેદ રે ભવિ બોહના રે લાલ;
ધ્યેય સમાપ્તિ હુવે રે, મન મોહના રે લાલ,
સાધ્ય સિદ્ધિ અવિચ્છેદરે ભવિ બોહનારે લાલ.(૪)

**સ્પષ્ટાર્થ**:—હે પરમેશ્વર! આપના અવલંબનથી આપના અનુકરણવડે ધ્યાતા પુરુષ પોતાના શુદ્ધ સિદ્ધ સમાન પરમાત્મપદથી અભેદ થાય અર્થાત પોતે પરમાત્મા થાય, એમ ધ્યેય જે પરમાત્મપદ તેની સમાપ્તિ કહેતાં સંપૂર્ણ પ્રાપ્તિ થાય, નિષ્કંટકપણે અવિનશ્વર સાધ્યની સિદ્ધિ થાય.

જિનગુણ રાગ પરાગથી રે મન મોહના રે લાલ,
વાસિત મુજ પરિણામ રે ભવિ બોહના રે લાલ;
તજશે દુષ્ટ વિભાવતા રે મન મોહના રે લાલ,
સરશે આતમ કામ રે ભવિ બોહના રે લાલ. (૫)

**સ્પષ્ટાર્થ**:—જેમ મલયાગિરિ ચંદનના સંસર્ગવડે નિંબાદિક સુગંધમય થઇ જાય છે, તેમ હે ભગવંત! આપના દિવ્ય સ્તુતિપાત્ર પવિત્ર ગુણના રાગરૂપ સુગંધિવડે જો મારું હૃદય સંશ્લેષિત થાય તો અનેક પ્રકારના અસહ્ય દુઃખ આપનાર પરકર્તૃત્વ, પરભોક્તૃત્વ, પરગ્રાહકત્વ, પરવ્યાપકત્વ વગેરે વિભાવનો નાશ થાય અને પરમાત્મપદ પામવાનો મારો મનોરથ પૂર્ણ થાય.

જિન ભક્તિરત નિતને રે, મનમોહના રે લાલ,
વેધક રસ ગુણ પ્રેમ રે, ભવિ બોહના રે લાલ;
સેવક જિનપદ પામશે રે, મન મોહના રે લાલ,
રસ વેધિત અમ જેમ રે, ભવિ બોહના રે લાલ.(૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્પષ્ટાર્થ:**—કઠોર અને કુરૂપ એવું અય કહેતાં લોઢું તે રસવેધિત થવાથી જેમ સુંદર અને કોમલ એવા સુવર્ણપણાને પ્રાપ્ત થઇ જાય છે તેમ જિનેશ્વરની ભક્તિમાં ચિત્ત લીન થાય તે ચિત્તને તે જિનેશ્વરના ગુણરાગરૂપ વેધક રસનો યોગ થાય તો તે ચિત્ત પૂર્ણ નિર્મલપણાને પ્રાપ્ત થાય. એમ સેવક આપ સમાન અરિહંત પદને પ્રાપ્ત કરે.

નાથ ભક્તિરસ ભાવથીરે મન મોહનારે લાલ,
તૃણ જાણું પરદેવરે ભવિ બોહનારે લાલ;
ચિંતામણિ સુરતરુ થકીરે મનમોહનારે લાલ,
અધિકી અરિહંત સેવરે, ભવિ બોહનારે લાલ. (૭)

**સ્પષ્ટાર્થ:**—આ ઘોર ભવઅટવીમાં ભ્રમણ કરતા અશરણ પ્રાણીઓને હે ભગવંત! માત્ર એક આપ જ શરણ છો. શિવપુરીએ દોરવાવાળા છો માટે આપજ નાથ છો તેથી હે પ્રભુ, આપની જ ભક્તિરૂપ રસમાં મારું ચિત્ત લીન થાય છે. વિષય કષાય યુક્ત કુદેવો તરફ તૃણની પેઠે ત્યાગ ભાવ ઉપજે છે. ચિંતામણી તથા કલ્પવૃક્ષથી પણ પ્રભુની સેવાને અત્યંત આદરણીય માનું છું. આપની સેવા આગળ તે ચિંતામણી તથા કલ્પવૃક્ષાદિ અતિશય તુચ્છ પદાર્થ ભાસે છે.

પરમાતમ ગુણ સ્મૃતિ થકીરે મનમોહનારે લાલ,
ફરશ્યો આતમ રાયરે ભવિ બોહનારે લાલ;
નિયમા કંચનતા લહેરે મનમોહનારે લાલ,
લોહ જ્યું પારસ પામરે ભવિ બોહનારે. (૮)

**સ્પષ્ટાર્થ:**—વળી હે પ્રભુ! સંપૂર્ણ સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર, અનંત નિશ્ચલવીર્ય, વિગેરે આપ પરમાત્માના ગુણોના ચિંતનમાં જો મારો આત્મપરિણામ સ્પૃષ્ટ થાય તો જેમ પારસમણિના સ્પર્શથકી લોઢા જેવી કુધાતુ કાંચન થઇ જાય છે, તેમ વિષય કષાયમાં પરિણમતો મારો આત્મા તે પણ કાંચન સમાન શુદ્ધ પરમાત્મપદને પ્રાપ્ત થાય.

નિર્મલ તત્ત્વરુચિ થઇરે મનમોહનારે લાલ,
કરજો જિનપતિ ભક્તિરે ભવિ બોહનારે લાલ;
દેવચંદ્ર પદ પામશોરે મનમોહનારે લાલ,
પરમ મહોદય યુક્તિરે ભવિ બોહનારે લાલ. (૯)

**સ્પષ્ટાર્થ:**—ભાવ દયાના આવેશે મિત્ર ભાવના યુક્ત સ્તવનકર્તા શ્રી દેવચંદ્ર મુનિ ભવ્ય જીવો પ્રતિ સદુપદેશ આપે છે કે આ ભવ પરભવ સંબંધી વિષયભોગ તથા માન, પૂજા વિગેરે પૌદ્‌ગલિક ભાવની આશંસા તજી, માત્ર એક શુદ્ધાત્મા તત્વના રુચિવંત થઈ, ઓઘસંજ્ઞા તથા લોકસંજ્ઞા પરિહરી વિધિ-વિવેકપૂર્વક સર્વે જિનમાં શિરોમણિ શ્રી અરિહંત ભગવંતની ભક્તિમાં આજ્ઞા સેવવામાં લીન થશો તો સર્વે દેવોમાં ચંદ્રમા સમાન અરિહંત ભગવંત સદૃશ પરમાત્મપદને પામશો. એજ ઉત્કૃષ્ટ સ્વાધીન અવિનશ્વર મહોદય પ્રાપ્ત કરવાની યુક્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચારુશીલા રમણીરત્નો.

લેખક–શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.

**विनयमूलो धम्मो !**

અહા ! સર્વત્ર એકધારા આનંદભર્યા વાતાવરણમાં મેં હૃદય વલોવે એવું દ્રશ્ય જોયું ત્યારથી જ મારી છ ખંડ વિજયયાત્રાનો ઉલ્લાસ ઓસરી ગયો છે! સહસ્રરશ્મિના શીળા તાપમાં જાણે સૃષ્ટિસુંદરી પ્રફુલ્લતાનો સ્વાંગ સજી રહી હોય અને એકાએક આકાશ કાળા વાદળાથી છવાઇ જાય, જોતજોતામાં સર્વ દિશાઓ અંધકારથી અવરાઇ જાય એથી એકદમ ક્ષોભ ઉદ્‌ભવે અને ઘડીભર વિશ્વની કાર્યવાહીનું તંત્ર ખોટકી જાય, તેવી સ્થિતિ મારા અંતરની એ ચહેરો જોતાં જ થઈ પડી છે.

મેં અયોધ્યાના સીમાડેથી વિજયયાત્રાના શ્રી ગણેશાય કર્યાં ત્યારે કેવો ઉલ્લાસ અને જોમ હતો. માગધ, વરદામ અને પ્રભાસના અધિષ્ઠાયકની આરાધના મને કેવી સહજ લાગેલી. ત્રણ ત્રણ દિવસના નિર્જળા ઉપવાસની અસર પણ આ ચામડાના દેહ પર નહોતી પડી. અરે! ભયંકર એવી તમિસ્રા ગુફાનો પ્રવેશ કે ત્યાર પછીના સંગ્રામથી મારા અંતરમાં જે આંધિનો એક લવ સરખો નહોતો પ્રવેશી શક્યો ત્યાં–એ અંતરમાં–આજે ઘોર અંધકાર છવાઈ ગયો! ગંગા સરિતાના તટે વીતાવેલા દિવસો કિંવા જગતમાં સારરૂપ ગણાતા નવ નિધિઓની પ્રાપ્તિ વેળા હું જે હર્ષના સાગરમાં હીંચોળી રહ્યો હતો અને આવી અપૂર્વ રિદ્ધિ–સિદ્ધિ સહિત મારી પાટનગરીમાં પ્રવેશી જે વ્યક્તિના દિલમાં કોઇ અનોખી છાપ બેસાડવાના સોણલા સેવી રહ્યો હતો, અરે! એ દ્વારા તેણીનું દૃષ્ટિબિન્દુ ફેરવી, કોઇ જુદા જીવનના ચણતરમાં મશગૂલ બન્યો હતો એ સર્વ આશાના કિલ્લા રાજમહેલના પગથિયે પગ મૂકતાં જ ભાંગી પડ્યા!

શું ભરતરાજના ધાન્ય ભંડારમાં ધાન ન હોતું કે ગેરહાજરીમાં કોઈ જમણનો ભાવ પૂછનાર નહોતું! કયા કારણે સુંદરી જેવી સુંદર પુષ્પકળીનો કોમળ દેહ આટલી હદે શુષ્ક બની ગયો! જાણે એકાદી–વૃક્ષથી છૂટી પડેલી–ચીમળાયેલી વેલિ!

કયાં ગયું પૂર્વકાળનું લાવણ્ય! અરે શરીરના પ્રત્યેક અંગોની ખીલવણીથી જન્મતી શોભા કયાં અને આજે જોયું એવું હાડકાનું માળખું કયાં? જાણે એ તારુણ્ય એકાએક ઊડી ગયું અને એને સ્થાને અકાળ જરા આવી બેસી ગઇ!

વિચાર–તરંગોમાંથી એકાએક જાણે કંઈ યાદ આવ્યું હોય એ રીતે ઝબકી ઉઠી, ભરત મહારાજે સાદ પાડયો.

પહેરેગીર, જાવ રસોઈયાને બોલાવી હાજર કરો.

જી, હજુર આ ચાલ્યો. કહી પહેરેગીર વિદાય થયો.

થોડી પળ વીતી ન વીતી ત્યાં પુનઃ અવાજ સંભળાયો.

બહાર કોણ છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં તો ચકીનો અવાજ સાંભળી એક હજુરીઓ દોડી આવ્યો, અને હાથ જોડી બોલ્યો:–

સેવક હાજર છે. શી આજ્ઞા છે? પહેરેગીર હજુ પાછો ફર્યો નથી.

અંહ, કોણ અંગપાળ! ઠીક, જા જલદી જઇને સુંદરીને બોલાવી લાવ.

ત્યાં કંઈક વિચાર આવતા એને પાછો બોલાવ્યો અને કહ્યું–અંગપાળ! જો તેમનામાં અહીં આવવાની શક્તિ ન હોય તો, પૂછજે કે મહારાજ પોતે ત્યાં આવે?

અંગપાળને વિદાય કરી, પોતાના શણગારેલા કમરામાં છ ખંડ વિજેતા ભરત મહારાજા આંટા મારી રહ્યા છે ત્યાં પહેરેગીરે રસોઈઆને લાવી હાજર કર્યો.

શિકાર નજરે પડતાં જ જાણે એકાદો વાઘ, પોતાના સર્વ બળથી એના પર તૂટી પડે, એ રીતે ભરતરાજ તડૂકી ઉઠ્યા–મારી ગેરહાજરીમાં તેં બ્હેનની આવી ખબર રાખી! શામાટે તેમને મનગમતી રસોઇ ન કરી આપી? એટલા એક સ્વજનની તું સારસંભાળ ન રાખી શકયો તો પછી અતિથિ–અભ્યાગતનો આદરસત્કાર તેં કેવોયે કર્યો હશે! જ્યારે તને સર્વ પ્રકારની છૂટ આપી હતી ત્યારે 'દાતારી દાન દે અને ભંડારી પેટ કૂટે!' જેવું વર્ત્તન કરવાનું તને શું પ્રયોજન હતું?

પણ મહારાજ! આપ કલ્પો છો તેવું મેં કંઇ જ કર્યું નથી. રાજવીના બ્હેનની કે આપણે આંગણે પધારતા મહેમાનોની સરભરામાં હું શા સારુ કચાશ રાખું? એમાં પણ સુંદરી બ્હેન જેવા ભલા–પરદુ:ખે દુ:ખી થનારા અને સદાયે પરોપકારરત–નારીરત્ન માટે હું બેદરકાર રહું! એ તો ન ભૂતો, ન ભવિષ્યતિ જેવું. હું તો મનગમતા ભોજન માટે રોજ પૂછતો.

આપ જરા બ્હેનને બોલાવી પૂછી તો જુઓ એટલે એ પાછળનું કારણ સમજાશે. ત્યારે સહજ જણાશે કે આહારનો અભાવ હતો કિંવા મનગમતા ભોજન મળતા નહોતા કે ખાનારને એની ઇચ્છા નહોતી.

ત્યાં તો સુંદરીના પગલા પડ્યા અને હસતાં હસતાં બોલી ઉઠ્યા–મોટાભાઈ, અરે ભૂલી ચક્રવર્તીરાજ! આવતાંવેંત આ શી ધમાધમ શરૂ કરી દીધી છે? છે શું?

પૂર્ણપણે ખીલી રહેલી વનરાજી વચ્ચે પત્ર-પુષ્પવિહુણું કેરડાનું વૃક્ષ જોઇ જેવો ઉકળાટ થાય તેવો મને ત્હારા દિદાર જોતાં થયો છે! મારા આવાસમાં તારી એકલી માટે જ ખાવાની ખોટ પડી કે કોઇએ ત્હારો ભાવ ન પૂછયો?

વડિલ ભ્રાતા, એવું કંઇ જ બન્યું નથી. ધાનના અભાવે દેહદષ્ટિ સૂકાઇ હાડપિંજર બને એવો સમય આવ્યો નથી. હજુ તો યુગલિક કાળ આથમ્યાને ઝાઝા દિવસ પણ નથી થયા. ધરતી પર જ્યારે ધર્મ સ્થાપનાના મંડાણ હમણા થાય છે અને એના અનુસંધાનમાં બીજા ત્રેવીશ તીર્થંકરો ક્રમસર થવાના છે ત્યાં અન્ન અભાવે હાડપિંજર જેવા શરીરોની કે ભૂખ્યા માનવ કલેવરોની કલ્પના કરવી એ અસ્થાને છે. અલબત્ત, અવસર્પિણી કાળ છે એટલે ઉત્તરોત્તર પડતી દશાના પડઘા વધુ પડવાના. માનવ જ્યારે ધર્મ–સંસ્કારને ભૂલી જશે અને નૈતિક ધોરણનું તળિયું જણાશે ત્યારે જ ભૂખે મરવાનો વખત આવશે.

તો પછી, સુંદરી! ત્હારી કોમળ કાયા આટલી હદે કરમાણી કેમ? નથી તો ચહેરા પર પૂર્વકાળનું નૂર અને નથી તો એ વેળાના રમણિય ગાત્રો કે સૌન્દર્ય. મને તો કેવળ લોહી વગરના હાડકાનો માળખો જણાય છે. એ તરફ દષ્ટિ કરતાં જ જબરો આઘાત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાભાઈ, ભગવંતની વાણીમાં પુદ્દગલના ચંચળ સ્વભાવ સંબંધમાં, એના સડન પડનમાં, વિવિધવર્ણી વિકારોમાં સમયે સમયે પરિવર્તનો થતાં રહે છે એ વાત તમોએ નથી સાંભળી? ખીલવું કે કરમાવું અથવા પ્રફુલ્લિત બનવું કે ચીમળાઈ જવું એ તો દેહનો સ્વભાવ, એથી ચૈતન્ય એવા આત્માને મુંઝવણ કેવી?

હું હાલ તાત્ત્વિક ચર્ચા નથી કરી રહ્યો. મારે જાણવું છે કે તારું આ સ્વરૂપ કયા કારણને આભારી છે. લાંબી પ્રસ્તાવના વગર, બ્હેનડી એ ઝટ કહી નાંખ.

ઓહો, એમાં તે કંઈ મોટી વાત છે. તમો 'બ્હેન' તરીકે સુંદરીને જોતાં શિખ્યા એટલે મારું કાર્ય સફળ થયું.

પૂર્વે મારા પ્રત્યે જે સ્નેહની વિકારી દષ્ટિ હતી, અરે! એ પ્રીતિના જોરે જનતાને યુગલિક કાળ વીત્યા છતાં એ કાળનું સ્મરણ તાજું રખાવવાના કોડ હતા, સાથોસાથ પ્રેમના ઓઠા તળે જે સંબંધની જગતને પિછાન કરવાની અગત્ય છે, એનો લોપ કરવાની ભાવના હતી, અને એ કારણે જ બ્રાહ્મી-બ્હેનને સંયમ પંથે જવાની રજા આપી આ સુંદરીને મના કરી હતી. એ વિષભરી નજર ટાળવા અને મોહજન્ય રોગ નિવારવા મેં જે રામબાણ ઇલાજ શોધ્યો તે આ.

સુંદરી! તારું આ કથન સાંભળીને મને ઘણું આશ્ચર્ય થાય છે! યુગાદીશના વંશમાં જન્મેલ હું, શું એટલી અધમ કોટિએ ઉતરી ગયો છું કે જેથી હું તારી ઇચ્છા વિરુદ્ધ તને સંસારમાં નાંખત? કદાચ એમ કરત તો તું શું એ સહી પણ લેત કે? માત્ર એ કારણે તેં જે ઉપાય લીધો એ ખરેખર વિચિત્ર અને હૃદયદ્રાવક છે.

મોટાભાઇ, તમો માનો છો એમાં કલ્પનાનો રંગ વિશેષ છે. આમાં અધમતા કે ઇચ્છા વિરુદ્ધતાનો પ્રશ્ન જ નથી. સૌન્દર્ય એ આકર્ષણની વસ્તુ છે. એમાં જ્યારે કામુકતા ભળે ત્યારે વાત કોઇ જૂદું જ રૂપ પકડે. ત્રીજા આરા જેવા મનોરમ કાળમાં બળજબરીનો સંભવ નથી જ છતાં મનદુઃખનો પ્રસંગ તો આવે જ.

વડિલ! આપને માટે હજુ સંસાર શેતરંજ પથરાય છે એમાં વિવિધ દાવો ખેલવા પડશે અને એ સારુ જીવનસાથી જોઈશે, જ્યારે મારા અંતર-દ્વાર સંસારજન્ય કામનાઓથી સાવ પુરાઇ ગયા છે. હું ધારત તો બ્રાહ્મીબ્હેન સાથે જ દીક્ષા લેવાનો આગ્રહ સેવત પણ જગતના આદિ પુરુષે દોરેલી મર્યાદા પર મારે આડો આંક નહોતો મૂકવો. 'ધર્મનું મૂળ વિનયમાં છે' એ વાત મારા રોમેરોમમાં પ્રસરેલી છે. મેં જ્યારે આપને વડિલ માન્યા અને આપ એ સ્થાને છો તો આપની આજ્ઞા વધાવવી એ જ મારો ધર્મ. પછી એ આજ્ઞા ગમે તે જાતના અવરોધ ઊભી કરતી હોય, અરે! આત્મશ્રેયના પંથ પર છાપો મારતી હોય.

તેથી જ સંઘ સ્થાપનાના કાળે મેં તહત્તિ કરી, પણ એ સાથે જ મ્હારા હૃદયની ચિરાગ તો સતેજ રાખી. નિશ્ચય કરી લીધો કે ધ્યેય તો સંયમ પંથનું. આપ છ ખંડ જીતી પાછા આવો ત્યારે સ્વમુખે કહો કે-'ભગિની, જા ત્હારો એ કલ્યાણ માર્ગ સુખેથી અજવાળ.' આત્માની અનંત શક્તિ ભગવંતે કહી છે. એમાં રોધક છે તે માત્ર કર્મોના આવરણો. એને દૂર કરવામાં તપ એ અમોઘ સાધન છે. સાવ આહાર વિના ટકવું તે માર્ગ મને તો કપરો જણાયો. પસંદગી ઉતરી આયંબિલ તપ ઉપર. દેહને પોષણ મળે અને સાથોસાથ રસલાલસાનો છેદ ઊડે. ઇંદ્રિયોને જો વિકારમય બનાવનાર કોઈ પણ હોય તો એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસરૂપી ષડ્યંત્ર ! દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, ખાંડ આદિ પદાર્થોની જેમાં મેળવણી નથી એવો નિરસ આહાર લઇ, નિરધારેલ સંયમ માર્ગનો અભ્યાસ પાડવો, એને મેં મારો જીવનક્રમ બનાવ્યો.

એ સાચું છે કે રસોઇઓ મનગમતી વાનીઓ બનાવી આપવાનું રોજ મને પૂછતો હતો. રાજમહેલમાં અન્નનો દુકાળ પણ નહોતો. અરે ! ખુદ દેશમાં ધન-ધાન્ય ઢગલાબંધ અથડાતું હોય એવા કાળમાં ભરતરાજના નિકટ સ્નેહીને, અરે ! તેમની ભગિનીને-એવો તે કોણ મૂર્ખ હોય કે આડો હાથ ધરે ? ભાઇશ્રી, કોઇ અતિથિ તમારે આંગણેથી પાછો ફર્યો નથી. જો કે માંગણુ તો જવલ્લેજ આવ્યો છે છતાં એ પાછો હસતા વદને જ ફર્યો છે.

નિરસ આહાર એટલે એની અસર પૌદ્ગલિક એવા ગાત્રો પર થાય એ સહજ છે. એથી કાંતિ ઝાંખી પડે એ સાચું છે. આકર્ષણ શૂન્યમાં પરિણમે એ સહજ છે. પણ એ સર્વ ઇચ્છતી હતી જ. મારું આત્મબળ સુરક્ષિત રહે એ જ મારી અભિલાષા હતી. એ તો આજે પણ આપ જોઇ શકો છો. એના ચમકારે આપ ભગિની શબ્દનો પ્રયોગ પણ કરી ચૂકયા છો. મારું અંતર સાક્ષી પૂરે છે કે ભાવી ઉજવળ છે.

મોટાભાઇ, મારે તો જગત સામે ભાઇ બ્હેનના અદ્વિતીય સ્નેહની છાપ મૂકવી હતી. યુગલિક કાળના વર-વહુપણે જીવન વિતાવવું નહોતું, મારો હેતુ સિદ્ધ થયો છે.

પ્રિય ભગિની ! ભગવંત પધારે એટલી જ વાર. હું હસતે વદને ત્હારો-મારી વ્હાલી બ્હેનનો, અરે ! બુદ્ધિપ્રભાના બળે પ્રેમભાવે હૃદય જીતનારનો-દીક્ષા મહોત્સવ કરીશ.

અંતઃપુરની દીવાલો કરતાં તમો બ્હેનોના જીવનની સુવાસ જગતના ચોકમાં પ્રસરે એ જ અભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## આ સભાના સાહિત્ય પ્રકાશન માટે મળેલ અભિપ્રાય.

તા. ૧૭-૧૧-૪૯.

શ્રીયુત્ સેક્રેટરી સાહેબ,

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

શ્રીયુત્ મહાશય;

શ્રી જૈન આત્માનંદ સભાની સાહિત્ય પ્રકાશનની દિનપ્રતિદિન પ્રગતિ કરતી પ્રવૃત્તિથી પૂર્ણ સંતોષ થતાં અને તેથી ખૂબ અનુમોદના થતાં આપના સાહિત્ય પ્રકાશનમાં કાંઇક ફાળો આપવાની ઇચ્છા વૃદ્ધિંગત થતા, આપની સભાના પેટ્રન તરીકે નામ દાખલ કરાવવા સહજ વૃત્તિ ઉદ્‌ભવતાં આ સાથે ચેક મોકલાવેલ છે, જે સ્વીકારી આભારી કરશોજી.

લી. ભવદીય

ડોકટર વલ્લભદાસ નેણશીભાઇના

વીરવંદન.

## સાક્ષરોત્તમ, સાહિત્યશિરોમણિ પરમપૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજનું (પ્રાચીન અણશોધેલ) સાહિત્યરત્નોની શોધ માટે પ્રાચીન જ્ઞાનભંડાર જેસલમીર જવા માટેનું થયેલું પ્રયાણ.

મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ ઉત્તમ પ્રકારના સાક્ષર, ઉચ્ચ કક્ષાના સાહિત્યકાર અને સંશોધક, તેમજ વિદ્વત્તાપૂર્ણ લેખક છે જે માટે બે મત છે જ નહિ.

પોતાના દાદાગુરુ પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ તેમજ તેઓશ્રીના પૂજ્ય વિદ્વદ્વર્ય ગુરુમહારાજ શ્રી ચતુરવિજયજી મહારાજની સાથે રહી પાટણ, લીંબડી વગેરે શહેરોના અનેક જૈન ભંડારોનું સંશોધન, રજીષ્ટર વ્યવસ્થિત કરી જૈન સમાજ ઉપર અવર્ણનીય ઉપકાર કરેલ છે અને પાટણ,-જ્યાં અતિપ્રાચીન ભંડારો જુદીજુદી વ્યક્તિઓને ત્યાં-ઘેર કબજામાં હતા તેનું પણ અવલોકન કરી એ તમામ સાહિત્ય કે જે તાડપત્ર અને કાગળ ઉપર હસ્તલિખિત શુમારે ૧૯૦૦૦) પ્રતો છે તેનું પણ રજીષ્ટર નિયમન કરી, જે જે સ્થળે જ્ઞાનભંડારો હતા તે તે વ્યક્તિઓને ઉપદેશ કરી તેઓના દાદાગુરુજીના ઉપદેશથી પાટણ જૈન સંઘે બંધાવેલા શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર ( ફાયરપ્રૂફ મકાન )માં એક જ સ્થળે એકત્રિત કરી સમગ્ર ડાબલા, પાટી, બંધન, રજીષ્ટર-ફેરીસ્ત કરી પધરાવેલ છે. કબાટો પણ એવા છે કે ભવિષ્યમાં પણ ઘણા વર્ષો સચવાશે. એ રીતે કરવામાં ઉપરોક્ત ત્રણે મહાત્માઓએ જે પરિશ્રમ સત્તર સત્તર વર્ષ સુધી સેવ્યો છે તે અનુપમ અને અપૂર્વ કાર્ય તેવું પાટણ માટે તો કોઇપણ કરી શકયું નથી તેવું મહાન કાર્ય મુનિ જીવન અર્પણ કરી કર્યું છે, તેટલું જ નહિં પરંતુ કમીટી નીમી છે. પ્રવર્તકજી મહારાજ અને ગુરૂવર્ય શ્રી ચતુરવિજય મહારાજનો સ્વર્ગવાસ થયા પછી કૃપાળુ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે તે વારસો સંશોધક કાર્યમાં ઉત્તમ પ્રકારે વિશેષવૃદ્ધિ કરવા સાથે જેની જરૂર હતી તેની બીજી હસ્તલિખિત કોપી પણ કરાવે છે, શોધે છે, જરૂર પડે તેનું પ્રકાશન કરાવે છે તેમજ જે જે સાહિત્યરત્નો પ્રકાશમાં લાવવાના હતા તેવા એકસો ઉપરાંત જેવાં કે બૃહત્કલ્પસૂત્ર, વસુદેવ હિંડી, કર્મગ્રંથ પ્રાચીન તેમજ દેવેન્દ્રસૂરિજીની ટીકા વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ગ્રંથોનું સંશોધન કરી તેનું પ્રકાશન આ સભા મારફત પણ કરાવેલ છે અને તે કાર્ય ચાલુ છે. દરમિયાન પાટણ શ્રી સંઘની વિનંતિથી પાટણના તે સમગ્ર ભંડારના જે જે સાહિત્યરત્નો આગમો, પંચાંગી સહિત વગેરે જે જે છે તેનું સંશોધન કાર્ય ફરી લખાવા જેવાનું કે બીજી રીતે કરી હસ્તલિખિત લેખન અને પ્રકાશનની જરૂર છે તેનું તે રીતે મહાન ઉત્તમ કાર્ય કૃપાળુ પુણ્યવિજયજી મહારાજે દયાળુ ગુરુઓએ આપેલ વારસો, શારીરિક સ્થિતિ અનુકૂળ નહિં હોવા છતાં પણ શરીરની દરકાર નહિં કરતાં તે મહાભારત કાર્ય ત્રણ ચાર વર્ષથી ઉપાડી લીધું છે. તેના ખર્ચ માટે પાટણ જૈન સંઘે બે લાખ રૂપીઆનું ફંડ કરી એક કમીટી નીમી સ્વતંત્ર રીતે મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને સુપ્રત કર્યું છે. તે કાર્ય ચાલુ છે છતાં જેમ ઉત્તમ ઝવેરી ઊંચા પ્રકારના ઝવેરાતની શોધમાં હોય છે, તેમ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ શ્રી સાહિત્યરત્નના અપૂર્વ ઝવેરી, પિપાસુ, સંશોધનકાર અને પ્રબળ જિજ્ઞાસુ હોવાથી પાટણ કરતાં જેસલમીર (મારવાડ)નો અતિ પ્રાચીન જૈન ભંડાર જ્યાં અનેક સાહિત્યરત્નોના અનેક ઉત્તમ પ્રાચીન ગ્રંથો છે, ત્યાંના શ્રી સંઘે ગમે તે કારણે ઘણા મુનિરાજોની તેમજ સાહિત્યકારોની જિજ્ઞાસા છતાં તપાસ થવા દીધી નથી, કૃપાળુ પ્રવર્ત્તકજી મહારાજના શુભ પ્રયત્નથી વડોદરા સરકારી લાઇબ્રેરીના ક્યુરેટર સદ્દગત ચિમનલાલ ડાહ્યાભાઇ વગેરેને થોડી તપાસ કરવા દીધી હતી, પરંતુ સંપૂર્ણ રીતસરની તપાસ હજીસુધી થઇ નથી તે પ્રાચીન ભંડારમાં જે જે પ્રાચીન અમૂલ્ય ગ્રંથરત્નો અનેક છે તેની તપાસ, શોધ, સંશોધન, નિયમન વગેરે રીતસર કરવા થવા માટે ગયા કારતક વદ ૭ ના રોજ અમદાવાદથી જેસલમીર જવા પ્રયાણ–વિહાર કર્યો છે. જાણવા પ્રમાણે વર્ષ, દોઢવર્ષ ત્યાં રહી તેમાંહેનાં સાહિત્યરત્નો તપાસશે, જરૂર નોંધ કરશે. જરૂરતની બીજી કોપી કે પ્રકાશન સંશોધન કરી કરાવશે. ધન્ય છે મુનિરાજ ! આ પ્રાચીન ભંડારનું જે શોધન કાર્ય કોઈ કરી શક્યું નથી તે આ મહાન્ પુરૂષ સાહિત્ય સેવા કરશે. તેઓ નિસ્પૃહી છે. તેમનું જીવન જ્ઞાનોદ્ધાર કરી ભવિષ્યની જૈન પ્રજાને અખૂટ, કીંમતિ મહામૂલ્ય વારસો શુદ્ધ રીતે સોંપી જવા માટે જ તેમણે મુનિ જીવન અર્પણ કર્યું છે. જેમનું ભાષાજ્ઞાન, આગમોનું નિષ્ણાતપણું, ઉત્તમ સાહિત્યની પરીક્ષા, તેનો ઉદ્ધાર કાર્ય કરવામાં ઘણા જ કુશળ, નિષ્ણાત, જૈન સમાજના સદ્દભાગ્યે સાંપડયા છે જે અજોડ છે. અમે પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે તેઓશ્રીની શારીરિક સંપત્તિ અનેક વર્ષો સુધી સારી રહે અને આવા જૈન સમાજના પરમ ઉપકારક મુનિજી દીર્ધાયુ થઇ જ્ઞાન વારસો છે તેને ઉચ્ચ કક્ષામાં મૂકી ભાવિ જૈન પ્રજા ઉપર તેમાં વિશેષ વિશેષ ઉપકાર કરે તેમ પણ અમો અંતઃકરણથી પ્રચ્છીએ છીએ.

જેસલમેરના સંઘને અમે ધન્યવાદ આપવા સાથે વિનંતિ કરીએ છીએ કે, તે કૃપાળુ મુનિરાજશ્રીને સંપૂર્ણ તપાસ કરવા સંપૂર્ણ સહકાર આપે જેથી આદરવાના છે તે કાર્યો સંતોષકારક પાર પડે, તે પ્રાચીન ભંડારની પ્રાચીનતામાં રહેલા અનેક સાહિત્યગ્રંથો પ્રકાશમાં આવે અને શ્રી મહાવીર પ્રભુના શાસનને તે રીતે મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ દીપાવે, અને જેસલમીર શ્રી સંઘ પણ તે ઉત્તમ કાર્યના ભાગીદાર થાય તેમ પણ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન બંધુઓ, બ્હેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમાં અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

**સંવત ૨૦૦૩ના વર્ષમાં ૧ શ્રી સંઘપતિ ચરિત્ર** કિં. રૂા. ૬–૮–૦ **૨ શ્રી મહાવીર ભગવાનના યુગની મહાદેવીઓ** કિં. રૂા. ૩–૮–૦ **સંવત ૨૦૦૪ના વર્ષમાં ૧ શ્રી વસુદેવ હિંડી ભાષાંતર** કિં. રૂા. ૧૫–૦–૦ **૨ શ્રી શાંતિનાથ ચરિત્ર** કિં. રૂા. ૭–૮–૦ **અને સંવત ૨૦૦૫ના વર્ષમાં ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** કિં. રૂા. ૧૩–૦–૦ કુલ રૂા. ૪૫–૦–૦

એ મુજબ ત્રણ વર્ષમાં રૂા. ૪૫)નાં પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગનાં લાઇફ મેમ્બરોને ભેટ મળી ચુકયા છે.

---

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે ?

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરોને આત્મકલ્યાણના સાધન ( અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે. દરેક જૈન બાઇ–બ્હેનોએ રૂા. ૧૦૧) ભરી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ થતા દેવ, ગુરૂ, ધર્મ વગેરેની ભક્તિ–સેવાના ભાગીદાર થવા તેમજ અપૂર્વ સાહિત્યના સુંદર પ્રકટ ગ્રંથોનો લાભ લેવા ભૂલવા જેવું નથી.

ગઇ તા.૧૯–૧૧–૪૯ના રોજ મળેલી મેનેજીંગ કમીટીની મિટીંગમાં ગયા વર્ષનું ( તે કમીટીએ પસાર કરેલ બજેટ, સરવૈયું, કાર્યવાહી મંજુર કરેલ તે ) સભાની જનરલ મીટીંગ ગઇ તા. ૨૭–૧૧–૪૯ ના રોજ માટે મળી હતી. ઘણા સભ્યોની હાજરી હતી. ગયા આખા વર્ષની કાર્યવાહી જાણી સાંભળી આનંદ અને સંતોષ પૂર્વક બજેટ, સરવૈયું વગેરે મંજુર કરવામાં આવ્યું છે. જે ઠરાવ કર્યા પ્રમાણે હવે રિપોર્ટદ્વારા પ્રસિદ્ધ થશે.

હવે પછી નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને આ વર્ષના સં. ૨૦૦૬ની સાલના નીચે મુજબ છપાતાં ત્રણ ગ્રંથો જે કે માગશર માસ સુધીમાં સંપૂર્ણ છપાઇ જવા સંભવ છે તે ત્રણ ગ્રંથો **૧ શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર ગ્રંથ ૫૦૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિક્યદેવસૂરિ કૃત, **૨ શ્રી જ્ઞાનપ્રદીપ** ભાગ રજો, શુમારે ૪૧૫ પાનાનો, **૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો** બીજો ભાગ શુમારે ૧૬૫ પાનાનો એ મનનપૂર્વક વાંચવા જેવા અને સુંદર છે. જેની કિંમત શુમારે ચોદ રૂપીયા થશે.

---

## તૈયાર થતાં નીચેના ત્રણ ગ્રંથો.

જે આવતા ફાગણ માસ સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ અને બીજા વર્ગ થનારને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે. જેથી સ્થિતિસંપન્ન જૈન બ્હેનો અને બંધુઓ સભાસદ થઇ લાભ લેવા જેવું છે. વિલંબ થતાં સારા, સુંદર, સચિત્ર, મ્હોટા ગ્રંથોના ભેટનો લાભ જતો કરવા જેવું નથી.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( બાઇન્ડીંગ થાય છે. )

### શ્રી માણિકયદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર

પૂર્વનો પુણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતના રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

## શ્રીમાન્ હરિભદ્રસૂરિવિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

### ( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાંચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ સ્વકર્તવ્યના યથાર્થ-સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે. સુમારે ૩૫૦ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩) પોસ્ટેજ જુદું.

---

### અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને નવા છપાતાં ગ્રંથો.

૧. કથા રત્નકોષ, ગુજરાતી ભાષાંતર સુંદર નવીન પચાસ કથાઓ સહિત.
૨. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ( સચિત્ર ).
ગ્રંથ ૧ અને ૨માં આર્થિક મદદની જરૂર છે.

---

યોજનામાં:—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only